R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 23 • PAGES : 44 • MUMBAI • DATE : 5TH OCTOBER 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




6D 0301
0045
SIL 3 IEC 61508
ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# આપણું ન્યાયતંત્ર

- CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150



તાજેતરમાં મુંબઈ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા બે ચુકાદાઓએ યુવાનો અને શિક્ષિત લોકોના મનમાં ઘણા પ્રશ્નો અને શંકાઓ ઉભી કરી છે. ચાલો બંને કેસોને વિગતવાર સમજીએ.

વર્ષ ૨૦૦૬માં ૧૧ જુલાઈના રોજ મુંબઈની ઉપનગરીય ટ્રેનોના ફર્સ્ટ ક્લાસ ડબ્બાઓમાં પીક અવર્સ દરમિયાન સાત પ્રેશર કુકર બોમ્બ વિસ્ફોટ થયા હતા જેમાં ૧૮૯ લોકો માર્યા ગયા હતા અને ૮૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. ૨૦૧૫માં મકોકા હેઠળ ૧૨ લોકોને દોષિત ઠેરવવામાં આવ્યા હતા, ૫ લોકોને મૃત્યુદંડ અને ૭ લોકોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. જુલાઈ ૨૦૨૫માં મુંબઈ હાઈકોર્ટે અવિશ્વસનીય પુરાવા, પ્રક્રિયાગત ભૂલો અને બળજબરીથી કબૂલાત કરાવવાનો હવાલો આપીને તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

પ્રશ્ન એ ઊભો થાય છે કે શું બધા ૧૨ નિર્દોષ વ્યક્તિઓ ૧૯ વર્ષથી જેલના સળિયા પાછળ હતા? તો આ વિસ્ફોટો માટે કોણ જવાબદાર હતા? અને આપણી પોલીસ કોર્ટમાં પુરાવા રજૂ કરવા સક્ષમ નથી? અને જે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે તેમના પરિવારોને ન્યાય મળ્યો ? કે કોઈએ વિસ્ફોટ કર્યો નથી? આપણી ન્યાય વ્યવસ્થા પરનો આપણો વિશ્વાસ હવે ડગમગી ન જાય તો સારું.

તેવી જ રીતે ૨૦૦૮ના માલેગાંવ બોમ્બ વિસ્ફોટના કેસમાં, મુંબઈની એક ખાસ NIA કોર્ટે વિશ્વસનીય અને ઠોસ પુરાવાના અભાવે તમામ ૭ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. આ ચુકાદો જુલાઈ ૨૦૨૫ માં આપવામાં આવ્યો હતો. માલેગાંવ બોમ્બ વિસ્ફોટમાં ૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને 100 થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ કેસમાં પણ આરોપીઓને લાંબા સમય સુધી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા અને બાદમાં તેઓ જામીન પર મુક્ત થયા હતા.

**JUSTICE DELAYED IS JUSTICE DENIED**

પરંતુ બંને કિસ્સાઓમાં ન્યાય મળતો નથી. બધા આરોપીઓ નિર્દોષ હતા? તો ગુનેગાર કોણ છે?

આવા કેસોનો નિર્ણય મહત્તમ ૩ વર્ષના સમયગાળામાં થવો જોઈએ. જો આવા કેસ વર્ષો સુધી ખેંચવામાં આવે તો આપણે સાચા પરિણામોની અપેક્ષા રાખી શકતા નથી.

પૂર્વ સીજેઆઈ ચંદ્રચુડના મતે, ભારતમાં વસ્તીના પ્રમાણમાં ન્યાયાધીશોનો ગુણોત્તર વિશ્વમાં સૌથી ઓછો છે. અને તમામ સ્તરે ન્યાયાધીશોની સંખ્યા વધારવાની તાત્કાલિક જરૂર છે. પૂરતા કોર્ટ રૂમ નથી.

આ બાબતો ન્યાયાયિક પ્રક્રિયાને વિલંબમાં નાખે છે. આપણે બધાએ એક થવું જોઈએ અને આપણા ગતિશીલ વડા પ્રધાનને આવી ગંભીર બાબતો માટે આપણી ન્યાયતંત્ર પ્રણાલીમાં સુધારા કરવા વિનંતી કરવી જોઈએ, જે દેશ માટે હિતકારી છે.

***

**લવાજમ (સબસ્ક્રીપ્સન) ન મોકલવા વિનંતી**

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે હાલમાં પ્રકાશ સમીક્ષાનું લવાજમ લેવામાં આવતું નથી તેથી લવાજમ ન મોકલવા વિનમ્ર વિનંતી. **- પ્ર.સ. સમિતી**

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
શિલ્પાબેન અજાણી
ઍડ. કેતન મધુકાંત લોડાયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
ઍડ. શૈલેશ સનત્ શાહ
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૨૩, તા. ૦૫-૧૦-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

PRAKASH SAMIKSHA
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૫૦)

**(ગતાંકથી ચાલુ)**



પાર્શ્વવલ્લભ – નખત્રાણા

આ અંક આપના કરકમલોમાં હશે તે કચ્છ દર્શનનો સુવર્ણ જયંતિ અંક હશે. આ ''કચ્છ દર્શન'' કોલમ દ્વારા દિનાંક : ૦૫-૦૯-૨૦૨૩થી કચ્છનાં દર્શનીય સ્થળો, વિકસતી થયેલ નૂતન તીર્થધામો, વિરાસતો, કચ્છનાં લોકજીવનનો ચિતાર આપની સમક્ષ ચિતરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે, કચ્છ જેવો આ એક પ્રદેશ પોતાનામાં અનોખો મ્યુઝિયમ છે, જેની બેમિસાલ જોડ બીજે નહીં મળે.

કચ્છમાં છેલ્લા ૧૦ વર્ષમાં ''ડબલ એન્જીન''ની સરકારને કારણે અન્ય પ્રાંતનાં લોકો અહીં આવી વસ્યા છે તેથી લોકલ ધંધા-પાણી પણ વિકસ્યાં છે.

પણ આપણે ક.દ.ઓ. ફક્ત માતાને પગે લાગવા પુ. સાધ્વી ભગવંતોના ચાર્તુમાસ પ્રવેશ ઉપર કે પર્વાધિરાજ પયુર્ષણમાં મોક્ષની બારીમાંથી સ્વપના ઝૂલાવવા આવતા હોઈયે છીએ, પણ કચ્છનાં અબડાસા-માંડવી છોડી અન્ય તાલુકાઓની પણ મુલાકાત લેતા નથી.

આ સુર્વણ અંક લખતાં-લખતાં, સમયનાં વહેણોની સાથે કેટલીક યાદો માનસપટ પર તરી આવે છે.

તંત્રીશ્રી તરફથી રજા હશે તો બીજા ૨૦ અંકો જેટલી સામ્રગીમાં બન્ની-વાગડ તેમજ ભુજ શહેરની આજુ-બાજુનાં પ્રદેશો ચિતરવા છે, તો લટાર મારવા છો ને તૈયાર...

ઉપરનો વિચાર વંટોળ ''પાર્શ્વવલ્લભ'' જિનાલયમાં થતી ભાવનાના છેલ્લા સ્તવને મારા મનને ચકડોળે ચડાવી દીધો... હજી કલમ ચલાવું કે.... કે પછી વિંટાળીને મૂકી દઉં...

મેં જમવાનું જે. પી. રિસોર્ટમાં મારા મિત્ર શ્રી હસમુખ રાજગોર પાસે નક્કી કરેલું. હું જ્યારે જ્યારે યાત્રિકોની ટુર લઈ આવતો ત્યારે ત્રણ-ચાર દિવસનાં જૈન ગુજરાતી થાળી ખાઈ કંટાળેલ યાત્રિકોની જમવાની સગવડ અહીંયા કરતો અને શુદ્ધ શાકાહારી, પંજાબી કે ચાઈનીઝ વાનગીઓનો ટેસ્ટ કરાવતો.

શ્રી હસમુખભાઈએ તેમના મેનેજર સાથે અમારા યાત્રિકોને રીસોર્ટ જોવા મોકલી આપ્યા... અહિંયા મુળ કચ્છનાં પણ દેશ-દેશાવરમાં સ્થાપિત થયેલ કુટુંબીજનો Wedding Destination તરીકે આવા રિસોર્ટની સેવા લે છે. સ્વપ્ન સુંદરી ને ફક્ત ચોરીનાં ચાર ફેરા જ ફરવાનાં હોય છે... ચારે બાજુ આરીસાથી મઢેલ ખાસ હનીમુન પેલેસ પણ તૈયાર છે.

અમારા યાત્રિકો રીસોર્ટમાં લટાર મારી આવ્યા એટલે અરજણભાઈએ બસને ''પાર્શ્વવલ્લભ'' તરફ વાળી. બસમાં કેટલાક યાત્રિકોએ પોતાના ચિરંજીવો માટે ભવિષ્યમાં અહીં લગ્ન ગોઠવવાનાં મનસુબા કરવા લાગ્યા.

હવે અમારા યાત્રિકો પાર્શ્વવલ્લભ મંદિરનાં દરવાજે હતા. આ મંદિર વિશે ઘણી દંતકથાઓ છે. પણ અત્યારે તો મંદિરમાંથી સ્તવનોની સુરાવલી કાન પર પડવા લાગી.

**''ઝગમગતા તારલાનું દેરાસર હોજો,**
**એમાં મારા પ્રભુજીની પ્રતિમા હોજો;**
**અમે અમારા પ્રભુજીને ફૂલોથી સજાવીશું,**
**ફુલો ના મળે તો અમે કળીઓથી સજાવીશું;**
**કળીઓથી સુંદર ડમરો હોજો એમાં મારા.''**

વધુ આવતા અંકે...



જે. પી. રિસોર્ટ – નખત્રાણા

# જૈન જનગણના માટે... ઉપયુક્ત જાણકારી.....




હાલમાં વ્હોટ્સએપ ઉપર આપણાં જૈનોની જનગણના માટે સૂચના કરતાં ઘણાજ નનામી મેસેજ ફરતાં જોવા મળે છે. પરંતુ ખોટી માહિતી ભરવાથી ક્યાંક આપણું નુકસાન ના થાય તેની ચકાસણી કરવી પણ અતિ આવશ્યક છે. આ ફરતા મેસેજમાં બધેજ ઠેકાણે.. ''જૈન'' લખવા માટે પ્રેરિત કરાય છે. જ્યારે માતૃભાષા માટે ''પ્રાકૃત'' લખવાનું જણાવેલ છે.

આજે જ્યારે ''પ્રાકૃત'' ભાષા જ આપણાં પરીવાર-ઘરોમાં બોલાતી જ નથી તેમજ તેના માધ્યમની કોઈપણ સ્કૂલ જ નથી તો પછી આ ''પ્રાકૃત'' ભાષાનો અટ્ટહાસ શા માટે?!!

તો આવો આજે આપણે જોઈએ કે સાચી જાણકારી શું ભરવી જોઈએ? જે આપણાં સૌનાં માટે હિતાવહ રહેશે.

૧) ધર્મ (Religion) : જૈન

૨) જાત (Caste) : વૈશ્યવાણીયા / વાણીયા

૩) ઉપજાત (SubCaste) : ઓસવાલ

૪) માતૃભાષા (Mother Tongue) : કચ્છી ગુજરાતી

અગર આપણે વ્હોટ્સઍપ ઉપર ફરતાં મેસેજ મુજબ જાતિ અને ઉપજાતિનાં ખાનામાં ''જૈન'' લખશું તો આપણે જાતિ મુજબનાં મળતાં સરકારી ફાયદાઓથી વંચિત રહી જઈશું.

જ્યારે માતૃભાષાનાં ખાનામાં ''પ્રાકૃત'' લખશું તો કચ્છી અને ગુજરાતી ભાષા અલ્પસંખ્યક (Languastic Minority)નાં ફાયદાઓથી વંચિત રહી જઈશું. તેમજ ''પ્રાકૃત'' ભાષાને સરકારી ફાયદાઓ લાગુ પણ નથી!

તો શું ખોટી માહિતીનાં સથવારે આપણે આપણાં બાળકોનાં શૈક્ષણિક ભવિષ્યમાં સરકારી યોજનાઓથી મળતાં ફાયદાઓ સાથે ખિલવાડ / રમત કરશું કે?!! જરાક વિચાર કરજો સુજ્ઞજનો.

**- મહેશ કાંતિલાલ મોતા-કુવાપધ્ધર(જલગાંમ)**

**મો. નં.: ૯૪૦૪૪ ૯૨૮૩૦**

E-mail: maheshmota1gmail.com

***

# આજના જમાનાનો નવો ટ્રેન્ડ

એક જમાનો હતો જ્યારે આપણા માવિત્રોને છ થી સાત ક્યારેક આઠ - નવ સંતાનો પણ હતા. જમાનો બદલાયો. બાળકોની સંખ્યા ઓછી થવા લાગી. પછી જમાનો આવ્યો ''હમ દો હમારે દો''.

જ્યારે આજે તો એવી પરિસ્થિતિ છે કે લગભગ બધાને ત્યાં એક જ બાળક હોય છે. તમે જ વિચાર કરો કે આગળ એમની પાસે રિલેશન એટલે કે કૌટુંબિક સંબંધો શું રહેશે? કાકા, મામા, માસી કે ફોઈ જેવા સંબંધો નામશેષ થઈ જશે.

પરંતુ હવે તો એવો નવો ટ્રેન્ડ શરૂ થયો છે કે આજના યુવા પેઢીને બાળક જ નથી જોઈતું. એ તો એમ જ કહે છે કે અમે કુતરા બિલાડા પાડીશું પણ બાળકની પળોજણ ન જોઈએ.

અરે , કુતરા બિલાડાની ઉંમર કેટલી? ૧૪ વર્ષ કે ૧૬ વર્ષ . એના પછી શું? તો કહે, બીજા લઈ લેશું .પણ ત્યારે તમારી ઉંમર એ કુતરા બિલાડાને સંભાળી શકશે ખરી?

વિજ્ઞાનના નિયમ પ્રમાણે સ્ત્રીને ૩૦ વર્ષની ઉંમર સુધીમાં સંતાન પેદા કરવું જોઈએ. એના પછી જો બાળક પેદા થાય તો એમાં ક્યાંક ખામી હોવાની શક્યતા ઘણી વધારે રહે છે. જો સમાજમાં આમ જ ચાલ્યા કરશે તો સમાજની વસ્તી કેમ વધશે? આજની યુવા પેઢીને આ વિશે કાઉન્સેલિંગ (councelling) કરાવવાની અત્યંત જરૂર છે.

તમારો અભિપ્રાય શું છે? જણાવજો.

**અંજના ચીમન પટેલ, નાગપુર**

**મો. ૯૪૨૩૬ ૮૬૬૨૮**

***

# મહેન્દ્ર ગોવિંદજી લાલકા

## સલામ તમને, લાલકાસાબ

ઇમાનદારી, ફરજપરસ્તી, નિષ્ઠા અને અડગતા છે એમના જીવનના ચાર મજબૂત પાયા.
જીવનના સાડાત્રણ દાયકા તેઓએ ત્યારના તંગ ઉત્તર પ્રદેશમાં પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવી છે.
એ પણ સિદ્ધાંતો પર અફર રહીને.



## વ્યક્તિત્વ

"સર, તમે આતંકવાદીઓના હિટ લિસ્ટ પર છો. તમને કંઈ થશે તો દેશ ભડકે બળશે. તમારે બુલેટ પ્રૂફ જેકેટ પહેરવું જ પડશે. તમે હા નહીં પાડો ત્યાં સુધી ના હું બહાર જઈશ, કે નહીં ખુલે તમારી કેબિનનો દરવાજો."

અયોધ્યામાં વિવાદાસ્પદ ઢાંચો ધ્વસ્ત થયાનાં થોડાં વરસ પછીની, ૧૯૯૮ની આ ઘટના. કેબિન હતી ઉત્તર પ્રદેશના તત્કાલીન મુખ્ય પ્રધાન કલ્યાણ સિંઘની. સામે હતા રાજ્યના સિક્યોરિટી ચીફ મહેન્દ્ર લાલકા. પોલીસ ખાતાની લગાતાર વિનંતી છતાં સિંઘ બુલેટ પ્રૂફ જેકેટ પહેરવા સંમત નહોતા. મહેન્દ્રભાઈ એક સવારે સિંઘની કેબિનમાં ગયા. એકાંતમાં વાત કરવાનો આગ્રહ કરીને એમણે કેબિનનો દરવાજો બંધ કરી દીધો. દ્રઢતાભરી વિનંતી સાથે એમણે સીએમને અલ્ટિમેટમ આપી દીધું: જેકેટ પહેરવું પડશે. સન્નાટો છવાઈ ગયો. એક પોલીસ અધિકારીની હિંમત જોઈ સિંઘ નવાઈમાં હતા. છેવટે એમના ચહેરે સ્મિત ફરક્યું. એમણે મહેન્દ્રભાઈની પીઠ થાબડીને કહ્યું, "ભલે. હું બુલેટ પ્રૂફ જેકેટ પહેરીશ." દેશના પોલીસ ખાતાના ઇતિહાસમાં જવલ્લે થાય એવી એ ઘટના. એમાં કલ્યાણ સિંઘ સિવાયના અન્ય નાયક હતા આપણી જ્ઞાતિના મહેન્દ્ર લાલકા.

૧૯૬૭માં ઉત્તર પ્રદેશ પોલીસમાં જોડાઈને ૨૦૦૪માં રાજ્યમાં ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (સીબી-સીઆઈડી)ના સર્વોચ્ચ પદેથી તેઓ નિવૃત્ત થયા. એમની કારકિર્દીમાં આવા અનેક પ્રસંગો નોંધાયા. એમાંનો રાષ્ટ્રીય સ્તરે ગાજેલો એક કિસ્સો માયાવતી વર્સીસ લાલકાનો હતો. એની વાત આગળ. પહેલાં જાણીએ આપણી ગર્વીલી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના મહેન્દ્રભાઈને.

૧૯૪૪માં કર્ણાટકના હુબલીમાં જન્મેલા મહેન્દ્રભાઈનાં માબાપ કસ્તૂરીબાઈ અને ગોવિંદજી લાલકા. વતન કચ્છ અબડાસાનું નાનકડું ગામ પરજાઉ. ભાઈઓ મહેશ અને જિતેન્દ્ર. પિતા કોટનના વ્યવસાયમાં હતા. મહેન્દ્રભાઈએ પ્રાથમિક શિક્ષણ સેન્ટ મેરી હાઈ સ્કૂલમાં લીધું. પછી શ્રી કાડસિદ્ધેશ્વર આર્ટ્સ કોલેજમાં ગ્રેજ્યુએશન કરીને કર્ણાટક યુનિવર્સિટીથી ઇકોનોમિક્સ સાથે ૧૯૬૬માં એમ. એ. કર્યું.

તેઓ પોલીસ અધિકારી કેવી રીતે બન્યા ? આ મોટા નિર્ણયની વાત નીકળતાં તેઓ કહે છે, "ભણવાની સાથે હું સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી રહ્યો હતો. મને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં પ્રોબેશનરી ઓફિસર તરીકે જોડાવા અપોઇન્ટમેન્ટ લેટર મળી ગયો હતો. જોડાવાની તારીખ નક્કી હતી. સાથે, યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની ત્યારે ઓલ ઇન્ડિયા સર્વિસીઝ એક્ઝામની લેખિત પરીક્ષા મેં પાસ કરી હતી. ત્યાંથી મને ઇન્ટરવ્યુ માટે કોલ આવ્યો. સફળ થાઉં તો પોલીસ ખાતામાં જોડાવાનું હતું. મારી સામે પ્રશ્ન હતો. પાકી નોકરી સ્વીકારું કે ઇન્ટરવ્યુ આપીને નિષ્ફળ જવાની તૈયારી સાથે પોલીસ બનવા પ્રયત્ન કરું ? મેં જોખમ લીધું. સ્ટેટ બેન્ક નહીં ગયો અને પહોંચી ગયો આઈપીએસનો ઇન્ટરવ્યુ આપવા..."

પ્રતિભાસંપન્ન ઉમેદવારોમાંના મુઠ્ઠીભર જેમાં પાસ થાય એવા ઇન્ટરવ્યુમાં મહેન્દ્રભાઈ સફળ થયા, બન્યા પોલીસ અધિકારી! એમણે દેશસેવાનો પડકાર ઝીલતાં તય કર્યું, "ફરજ નિભાવવા બધું કરી છૂટીશ. પ્રામાણિક અભિગમ રાખીશ અને એવું કરીશ જેના માટે સૌને માન થાય." પોલીસ તરીકે ચયન થયા પછી ઉમેદવારે સખત તાલીમ લેવાની હોય છે. એમની તાલીમ માઉન્ટ આબુમાં થઈ. ત્યાં એકવાર તેજીલા અશ્વ પરથી પડીને તેઓ ગંભીર ઈજાનો પણ ભોગ બન્યા. પછી અલીગઢમાં એમની પ્રેક્ટિકલ ટ્રેનિંગ અને વિધિવત્ પોસ્ટિંગ. એ પછીની ઘટનાઓ, કહેવાય છેને, ઇતિહાસ છે. મહેન્દ્રભાઈએ પોલીસ કર્મચારી તરીકે અસાધારણ રહ્યા.

૧૯૭૦માં એમનાં લગ્ન, અમદાવાદમાં વસતાં પ્રમિલાબહેન અને ઉમરશીભાઈનાં દીકરી હેમાંગિનીબહેન કુરુવા સાથે માટુંગામાં થયાં. એમનાં ભાઈબહેન ચૌલા અને જીતેન્દ્ર છે. સાથે, મેરઠમાં આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ તરીકે એ વરસે એમનું પોસ્ટિંગ થયું. ચારેક વરસે પ્રમોશન થયે ગાઝીપુરમાં સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ થયા. પછી અનેક ઉતાર-ચઢાવ આવ્યા. ગોરખપુર, આગ્રા...બદલીઓ અને પ્રમોશન થયાં. ધારા અને નિશ્ચય એમ બે સંતાનો

પણ થયાં. મહેન્દ્રભાઈએ પદગ્રહણ કર્યા પછી લાલકા પરિવાર, ૧૯૬૮થી લખનઊમાં વસ્યો. શહેરના એમના ઘરને લોકો પરજાઉ હાઉસ સંબોધે છે.

પ્રદીર્ઘ કારકિર્દીમાં મહેન્દ્રભાઈએ અનેક મહત્ત્વના કેસની તપાસ કરી છે. અનેક વીવીઆઈપીઝની સુરક્ષાની સંવેદનશીલ ફરજ બજાવી છે. અનેક ચૂંટણીઓનો બંદોબસ્ત સંભાળ્યો છે. બે કુંભમેળામાં સિક્યોરિટીના ભારનું વહન કર્યું છે. ઉત્તર પ્રદેશ જેના માટે બદનામ હતું એવા ડ્રગ માફિયા, ગુંડા તત્ત્વો સામે બાથ ભીડી પણ શરણાગતિ સ્વીકારી નથી, ''અમારા સમયમાં સ્થિતિ કાયમ નાજુક રહેતી. અસામાજિક તત્ત્વોનું હતું. હત્યા, અપહરણ, બાળકો-મહિલાઓનું શોષણ વગેરે નિત્ય હતાં. એ બધાંનો મહત્તમ પડકાર પોલીસે સહન કરવાનો રહેતો.''

એમની કાર્યનિષ્ઠાનો એક કિસ્સો ૨૦૦૩માં દેશભરમાં ગાજ્યો હતો. એ હતો લખનઊનો મધુમિતા મર્ડર કેસ. મહેન્દ્રભાઈ કહે છે, ''ત્યારે હું ઉત્તર પ્રદેશ પોલીસમાં સૌથી સિનિયરને નાતે ડિરેક્ટર જનરલ ઓફ પોલીસના પદ માટે પાત્ર હતો. ત્યાં મધુમિતાનું મર્ડર થયું. એમાં તત્કાલીન માયાવતી સરકારના પ્રધાન અમરમણિ ત્રિપાઠીની સંડોવણીની મેં અને મારી સીઆઈડી ટીમે તપાસ કરી. નક્કર પુરાવા હતા. અમે એમની ફરતે ગાળિયો મજબૂત કર્યો. તેઓ ઉત્તર પ્રદેશના પૂર્વીય વિસ્તારના કુખ્યાત માફિયા હતા. અમારી તપાસથી તાનાશાહ માયાવતી ગિન્નાયાં. એમણે પુરાવાની ઐસીતૈસી કરીને ત્રિપાઠીને છાવરવા આગ્રહ કર્યો. મારી સામે ડીજી બનવાની તક હતી. એ પદે પહોંચવું દરેક પોલીસ અધિકારીની મહત્ત્વાકાંક્ષા હોય છે. મેં દ્વિધા વચ્ચે અંતરાત્માનો અવાજ સાંભળી માયાવતીના આદેશને નકાર્યો. તેઓના ક્રોધનો પાર ના રહ્યો. એમણે મને સસ્પેન્ડ કરીને કેસ સીબીઆઈને સોંપી દીધો.''

આ ઘટનાથી લાલકા પરિવાર તથા મિત્રવર્તુળમાં સ્તબ્ધ હતો. જોકે યુપી આઈપીએસ ઓફિસર્સ એસોસિયેશને કડક શબ્દોમાં સરકારી નિર્ણયની આલોચના કરી. પછી સીબીઆઈએ ત્રણ વરસ તપાસ કરી નિષ્કર્ષ આપ્યો કે મહેન્દ્રભાઈ અને ટીમે એક મહિનામાં કરેલી તપાસનું તારણ અક્ષરશઃ સાચું હતું ! મહેન્દ્રભાઈ કહે છે, ''હું સિદ્ધાંતોને વળગી રહ્યો, ભલે કરિયર સામે અભૂતપૂર્વ જોખમ આવ્યું.'' અને હા, માયાવતીએ સસ્પેન્શનનો નિર્ણય નાછૂટકે પાછો ખેંચવો પડ્યો, એ પણ ૪૩ દિવસમાં !

અન્ય એક યાદગાર પ્રસંગ ૧૯૮૧ની ગોરખપુરની ગ્રાન્ડ પોલીસ પરેડ અને એવોર્ડ ફંક્શનનો છે. મહેન્દ્રભાઈ કહે છે, ''શહનાઈ વાદક ઉસ્તાદ બિસમિલ્લા ખાંને મેં પ્રમુખ અતિથિ તરીકે આમંત્રિત કર્યા હતા. તેઓ ખાસ વારાણસીથી આવ્યા હતા. લાખેકની મેદની હતી. અમે એમને યથાયોગ્ય માન આપીને એકપણ વખત એમને શરણાઈ વગાડવા આગ્રહ નહીં કર્યો. વરસો પછી એક પત્રકારે મને ખાંસાહેબ સાથે થયેલી વાત કરતાં કહ્યું કે ખાંસાહેબ માટે એ કિસ્સો એમના જીવનનો એ બીજો સૌથી યાદગાર કિસ્સો હતો, જ્યાં એમને યથાયોગ્ય માન મળ્યું હતું. મેં પત્રકારને પૂછ્યું કે તો પછી એવો પહેલો પ્રસંગ કયો હતો ? પત્રકાર કહે, ૧૯૪૭માં પંડિત જવાહરલાલ નહેરુએ એમને આઝાદીની કૂચનું સુકાન લેવા જણાવ્યું, એ ! ખરેખર પંડિતજીએ ખાંસાહેબને સુકાન સોંપીને તમામ નેતાઓ સહિત પોતે એમને અનુસર્યા હતા.''

એક કિસ્સો ગાઝીપુરમાં એમના વડપણમાં થયેલી નકલી ચલણી નોટોની તપાસનો છે, ''અમને એક શિક્ષકની ફરિયાદ મળી કે પગારના રૂપિયામાંની એક નોટ નકલી છે. મામલો સીધો અને નગણ્ય કહી શકાય એવો, છતાં, રાષ્ટ્રહિતમાં અમે ઊંડા ઊતર્યા. તપાસ અમને બાંગલાદેશથી સંચાલન કરતી એક ગેન્ગ સુધી દોરી ગઈ જે ભારતમાં નકલી નોટો ઠાલવવાનું મોટું ષડયંત્ર ચલાવતી હતી. એમના એજન્ટ્સ કોલકાતામાં હતા. અમે નોટો, પ્રિન્ટિંગ મશીન જપ્ત કરીને ગેન્ગના માસ્ટરમાઇન્ડ કાલાચંદ ડેને અટકમાં લીધો.''

વાત એટલેથી અટકી નહીં. વધુ તપાસ મહેન્દ્રભાઈને દોરી ગઈ ગાંજાની હેરફેર કરતી બીજી ગેન્ગ સુધી, ''આ ગેન્ગ સરકારી ગાંજા ફેક્ટરીમાંથી ગેરકાનૂની રીતે ગાંજો મેળવીને દાણચોરી કરતી. ગાંજો કોલકાતામાં વેચાતો અને એનુ પેમેન્ટ આ નકલી નોટોથી થતું ! સરવાળે, ગુનેગારો માટે ચિત ભી મેરી, પટ ભી મેરી.'' મહેન્દ્રભાઈની તપાસે એનો ફેસલો કરી નાખ્યો. આગળ એની સીબીઆઈ તપાસ વખતે એના અધિકારીઓ ઉત્તર પ્રદેશ જિલ્લા પોલીસની અસાધારણ તપાસથી આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

૧૯૮૮માં ભારત સરકારે એમને યોર્કશાયર, ઇંગ્લેન્ડમાં પોલીસ કમાન્ડ કોર્સ માટે મોકલ્યા હતા. બહુ ઓછા પોલીસ અધિકારીઓને એમાં સહભાગી થવાનું સૌભાગ્ય મળે છે. મહેન્દ્રભાઈને ૧૪ અઠવાડિયાંના કોર્સમાં યુરોપિયન પોલીસ સિસ્ટમ અને આધુનિક ટેક્નોલોજી વિશે ઘણું શીખવા મળ્યું હતું. અસાધારણ દેશસેવા માટે તેઓને ૧૯૮૪માં રાષ્ટ્રપતિ પોલીસ મેડલ એનાયત થયું હતું. ૨૦૦૪માં તેઓ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસના પદે પહોંચીને નિવૃત્ત થયા.

અંગત જીવનની વાત કરીએ તો એમનાં સંતાનો પિતાની જેમ સિદ્ધાંતોને અનુસરતાં જીવન માણે છે. દીકરી ધરા અને જમાઈ મયંક શાહને, નિરવા અને નયજા, બે સંતાનો છે. બેન્કર દીકરા નિશ્ચયે રિતુ સાથે લગ્ન કર્યાં છે. એમને જયમ અને સમય એમ બે દીકરા છે. વાંચન, ફિલ્મો જોવી, પ્રવાસ, રમતગમત અને લાકડાંની નોખી-અનોખી ચીજોનો સંગ્રહ મહેન્દ્રભાઈના શોખ છે. વિશ્વમાં લાકડાંના નહીં નહીં તોય પાંચેક હજાર પ્રકાર હશે. એને ભેગા કરવા એ અનોખો શોખ છે. છેને નોખી વાત...

## વિચારસત્ત્વ

વરસોના અનુભવ પછી મહેન્દ્રભાઈનું નિરીક્ષણ છે કે દૂષણો સામે પ્રત્યક્ષ અને પરોક્ષ બેઉ લડત જરૂરી છે. એમણે પરોક્ષ લડતના આગવા રસ્તા શોધ્યા છે, ‘‘મેં પ્રકાશ ઝાને બહુચર્ચિત ગંગાજલ ફિલ્મ બનાવવાની પ્રેરણા આપી હતી. મનમાં હતું કે રાજકારણ અને પોલીસ ખાતાનાં અમુક દૂષણો સામે આવવાથી સમાજમાં સકારાત્મક પરિવર્તન શરૂ થશે. મને ખુશી છે કે ફિલ્મ કંઈક અંશે એ લક્ષ્ય સાધી શકી હતી.’’

જીવનમાં સંતોષને સર્વોચ્ચ ગણતાં મહેન્દ્રભાઈનો મત છે, ‘‘ઈશ્વરે આપ્યું એનાથી ઉત્તમ કશું ના હોય. મળ્યાનો સંતોષ રાખવો અને મનભરીને માણવું એ મારો અભિગમ છે.’’ નેતાજી સુભાષચંદ્ર બોઝ અને રતન ટાટા તેઓના આદર્શ છે. નિવૃત્તિ પછી તેઓએ લખનઊને કાયમી ઘર બનાવ્યું છે. કચ્છ સાથે પણ અતૂટ નાતો જાળવી રાખ્યો છે. તેઓ લાલા ગામે સ્થિત કુળદેવી સચ્ચાઈમાતાનાં દર્શને નિયમિત જાય છે. મિત્રો-સગાંઓ સાથે કચ્છની જાણકારીની સતત આપલે કરે છે. ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, કર્ણાટક સહિતનાં રાજ્યોમાં તેમણે પાછલા બે દાયકામાં અનેક પ્રવાસ ખેડ્યા છે.

## સેવાવિશ્વ

કચ્છી દશા ઓશવાલ હોવાનું તેમને ભારોભાર અભિમાન છે. ભૂતકાળમાં થયેલા બે જ્ઞાતિ સંમેલનોમાં પણ ઉપસ્થિત રહ્યા છે. તેઓ કહે છે, ‘‘મારાથી શક્ય થયું તેટલા જ્ઞાતિના નોકરીવાંચ્છુઓને નોકરી અપાવવા મેં પ્રયાસ કર્યા છે. સાથે, અયોધ્યા, વારાણસી, સમેતશિખરજી, કેદારનાથ જેવાં ધર્મસ્થાનોએ જ્ઞાતિજનો જાત્રાએ આવે ત્યારે એમને પ્રવાસની અનુકૂળતા કરી આપવી, સુરક્ષાની કાળજી રાખવી જેવી સેવા કરી છે. જ્ઞાતિજનને ઉપયોગી થાઉં ત્યારે મન પ્રફુલ્લિત થઈ જાય છે.’’

એમણે પોલીસ ખાતાની પણ સેવા કરી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર આયોજિત અનેક પ્રોફેશનલ પોલીસ કોર્સ, સેમિનાર વગેરેમાં ઉભરતા પોલીસ અધિકારીઓને માર્ગદર્શિત કર્યા છે. સમાજને પણ તેઓ વિવિધ કાર્યક્રમોમાં પોલીસ-પ્રજાના સંબંધો વિશે અગત્યની માહિતી પીરસતા રહ્યા છે.

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

‘‘સ્કૂલમાં ભણતો ત્યારથી હું પ્રકાશ સમીક્ષા વાંચું છું. જ્ઞાતિના તમામ સમાચાર અને એની જાણકારી માટે એ સર્વોત્તમ માધ્યમ છે,’’ મહેન્દ્રભાઈ પ્રકાશ સમીક્ષા વિશે કહે છે, ‘‘પ્રકાશ સમીક્ષા આપણી જ્ઞાતિનો ધબકાર છે.’’

સામયિકના સંતુલિત મંતવ્યોથી પણ તેઓ પ્રભાવિત છે. એ પ્રગતિ કરતું રહેશે એવો એમનો વિશ્વાસ છે, ‘‘આપણે ત્યાં કોઈ જ્ઞાતિ પ્રકાશને અણનમ સદી નોંધાવી હોય એ મારા ધ્યાનમાં નથી. આ સિદ્ધિનો જશ એના આજ સુધીના તંત્રીઓ અને સંચાલકોને જાય છે. હાલની હીરાચંદભાઈ સહિતની પ્રકાશ સમીક્ષાની ટીમ પણ ધન્યવાદને પાત્ર છે. મને ખાતરી છે કે પ્રકાશ સમીક્ષા આમ જ નોટ આઉટ રહેશે.’’

**આરોગ્ય પ્રકાશ**

# આરોગ્ય માટે ઉપયોગી માહિતી-૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



**૧) હળદરની ઉપયોગીતા :** આપણા વડીલોએ રસોઈમાં હળદરનો ઉપયોગ સમજી વિચારીને કર્યો. હળદર વાપરવાથી ખોરાકને રંગ સાથે આરોગ્ય ને ફાયદો પણ મળે છે. હળદર આમવાત (રૂમેટોઈડ આર્થાઈટીસ) અને સંધિવાત (ઓસ્ટીઓ આર્થાઈટીસ) રોકે છે, સોજા ઘટાડે છે. એના એન્ટીસેપ્ટીક ગુણો તો સદીઓથી જાણીતા છે ઉપયોગમાં લેવાય છે. એમાં રહેલા એન્ટીઓક્સિડંટ અને સોજો ઘટાડવાનો ગુણ લીવરનું રક્ષણ કરે છે, ચેપો સામે રક્ષણ આપે છે અને કેન્સર થતા રોકે છે. દમ (અસ્થમા)માં ટ્રકિયા, બ્રોન્કસ અને એના ફાંટાઓમાં સોજા આવે છે. જેમાં હળદરથી રાહત મળે છે. મલ્ટીપલ સ્કેલેરોસીસ (સેન્ટ્રલ નરવસ સીસ્ટમની ઓટોઈમ્યુન બિમારી) અને આંતરડામાં સોજા જેવી બિમારીમાં હળદર ફાયદો કરે. હળદરમાં રહેલ કરક્યુમીન કેન્સરમાં અપાતી રેડિએશન સારવારને લીધે થયેલ ચામડીના નુકશાનને સાજો કરે છે. આમ હળદરનો ઉપયોગ કરીએ-ભોજનમાં વાપરવા ઉપરાંત રોજ ૧ ચમચી હળદર ખાઈએ. અને ગળાના ચેપ, કફ, લીવરની તકલીફ, કેન્સર, રૂમેટોઈડ આર્થાઈટીસ, અસ્થમા, સંધિવાત વગેરે બિમારીઓમાં રાહત મેળવીએ.

**૨) દુધ, દહીં અને છાશના ફાયદા :** દુધને સંપૂર્ણ આહાર કહે છે, તેમાં પ્રોટીન, કાર્બોદિત પદાર્થ, ચરબી, કેલ્શિયમ અને બીજા વિટામિન્સ, મિનરલ્સ હોય છે. એની પી.એચ. વેલ્યુ ૬-૭ હોય છે. એમાં મેરવણ નાખીએ એટલે એમાંના લેક્ટોઝનું લેક્ટીક એસીડમાં રૂપાંતર થાય છે. અને પી.એચ. વેલ્યુ ૪-૫ સુધી નીચે આવી જાય છે, અને એમાં લાભદાયી બેક્ટીયા ઉત્પન્ન થાય છે એટલે જ અમુકને દુધની એલર્જી હોય તેમને દુધ માફક નથી આવતું પણ દહીંમા સારા બેક્ટેરિયા હોવાથી એ તકલીફ આપતું નથી, એવી જ રીતે છાશ પણ તકલીફ આપતી નથી. દુધનો ગ્યાયસેમિક ઈન્ડેક્સ ૩૦ હોય છે જ્યારે દહીંનો ૪૫ હોય છે એને લીધે દુધ ધીરે ધીરે પચે છે જ્યારે દહીં-છાશ જલ્દી પચી જાય છે. દહીં બને ત્યારે એમાં કેલ્શિયમ ૪૦ થી ૪૫% જેટલું ઘટી જાય છે. (દુધના ૨૫૦ મિ.લી. ગ્લાસમાં ૪૦૦ થી ૫૦૦ મી.ગ્રા. કેલ્શિયમ હોય) પણ પ્રોટીનનું પ્રમાણ વધી જાય છે. દુધ પીધા પછી જલ્દી ભુખ લાગતી નથી. જ્યારે દહીં-છાશ લીધા પછી જલ્દી ભુખ લાગે છે. દુધમાં એવા તત્ત્વો છે જે શરીર પર જલ્દી કરચલી પડવા દેતા નથી, તે તત્ત્વો દહીં-છાશમાં નથી હોતા. દહીં બને એટલે વિટામીન B12 ઘટવા લાગે. ૨૦૦ ગ્રા. દહીમાં ૧૨૦ કેલેરી, દુધમાં ૪૨ કેલેરી અને છાશમાં ૧૫ કેલેરી હોય છે. આમ જેને કેલ્શિયમ અને વિટામીન B12ની ઉણપ હોય એના માટે દુધ સારું. જ્યારે જેને પાચન બરાબર ન હોય, ભૂખ ઓછી લાગતી હોય, ગેસ વધુ થતો હોય એમના માટે દહીં-છાશ સારા. વજન ઘટાડવું હોય એમણે મલાઈ વગરનું દુધ લેવું. છાશમાં પોષક તત્ત્વો ખૂબ ઓછા હોય છે. ભોજન પચાવે, પચેલા અનાજનું શરીરમાં શોષણ થાય છે. છાશ ભોજન પહેલા, ભોજન સાથે કે પછી પણ અમૃત સમાન છે. ભોજન પચાવવા એસીડીક વાતાવરણ જોઈએ જે છાશ બખૂબી નિભાવે છે. કટોળ કે ઘી-તેલવાળી વાનગી લીધી હોય ત્યારે છાશ અચૂક પીવી જોઈએ. નિયમિત છાશ પીવાથી મૂત્ર માર્ગના ચેપ, કીડનીની પથરી સામે રક્ષણ મળે છે, તજા ગરમી ઘટે છે, ત્વચા અને વાળ ચમકદાર બને છે. છાશમાંના સારા બેક્ટેરીયા ગેસ, ઝાડા, મરડો, ફુડપોઈઝનીંગ કરતા સુક્ષ્મ જીવાણુઓને ખતમ કરે છે. આંતરડા સ્વસ્થ રહે છે. B12 વિટામીનની ઉણપ દૂર કરે, કોલેસ્ટ્રોલ ઘટે, હૃદયરોગ અટકાવે, કેન્સર જેવી બિમારી સામે રક્ષણ કરે અને સરેરાશ સ્વાસ્થ્ય સુધરે. જુનો મરડો, અતિસાર, સંગ્રહણી, આંતરડાનો સોજો, આંતરડાના ચાંદા (કોલાઈટીસ), જેને સાવ ભુખ ન લાગતી હોય (અગ્નિ મંદ પડી ગયો હોય) વગેરે રોગોમાં બીજી દવાઓ સાથે આયુર્વેદમાં દર્દીને ફક્ત છાશ પર (સાદી કે માખણવાળી) રાખવામાં આવે છે. જેને તક્રકલ્પ કહે છે. તક્રકલ્પથી દર્દીને ફાયદો થાય છે. કફના

રોગોમાં સુંઠ અને મરી, વાયુના રોગોમાં શેકેલી હિંગ, શેકેલું ધાણાજીરૂ અને સિંધવ મેળવી છાશ આપવી. આમ દુધ, દહીં અને છાશનો યોગ્ય ઉપયોગ કરીએ.

**૩) પશ્ચિમ નમસ્કારના ફાયદા :** બંને હાથ કોણીમાંથી સહેજ વાળી પંજાઓને સરખી રીતે જોડી આંગળીઓ સામે તરફ રહે એમ રાખવાથી નમસ્કાર મુદ્રા બને છે. જે ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. હિંદુ પરંપરામાં આપણું મુખ હંમેશા પૂર્વાભિમુખ છે એવી સમજ છે એટલે આ મુદ્રાને પૂર્વ નમસ્કાર મુદ્રા કહે છે. આજ રીતે પણ આનાથી થોડી અલગ પશ્ચિમ નમસ્કારની મુદ્રા છે જે થોડી અઘરી છે પણ એકવાર શીખી લીધા પછી નિયમિત કરી શકાય અને એના ફાયદા મેળવી શકાય. આપણે એના ફાયદા જોઈએ એ પહેલા આ મુદ્રા કરવાની રીત જોઈએ. બંને હાથને પાછળ લઈ જઈ કમર અને પીઠની વચ્ચે નમસ્કારની મુદ્રામાં જોડવા. બને જોડેલી ટચલી આંગળી પીઠને અડેલી હોય, જેથી પાછળ કોઈ હોય અને એને નમસ્કાર કરતા હોઈએ એવી હાથની સ્થિતિ (નમસ્કાર મુદ્રા) થાય. ફાયદા : ૧) ફેફસા શક્તિશાળી બને. આ મુદ્રા નિયમિત કરવાથી ફેફસા વધુ ને વધુ શક્તિશાળી બને છે. ફેફસા સંબંધિત રોગ જેને હોય એમણે દરરોજ દિવસમાં ૩ વખત પાંચેક મિનીટ આ મુદ્રા કરવાની આદત રાખવી. ૨) શરીરના મધ્ય ભાગને સુંદર આકાર મળે, ગરદન, ખભો, વાંસો, પીઠ અને કમર સુંદર થાય છે. ૩) કરોડરજ્જુ ટટ્ટાર રહે : નિયમિત આ મુદ્રા કરવાથી ઉંમર ગમે તેટલી થઈ હોય તો પણ ટટ્ટાર બેસી શકાય, ટટ્ટાર ઊભા રહી શકાય જે આરોગ્ય માટે આદર્શ સ્થિતિ છે. ૪) થાઈરોઈડની તકલીફ કાબુમાં રહે : નિયમિત આ મુદ્રા કરવાથી થાઈરોઈડની તકલીફ કાબુમાં રહે છે. થાઈરોઈડની તકલીફવાળા દર્દીએ રોજ આ મુદ્રા કરવી જોઈએ. ૫) ડિપ્રેશન-માનસિક તાણ ઘટે : લોકોનું મનોબળ દિવસે ને દિવસે ઘટી રહ્યું છે. મોટા ભાગના કોઈને કોઈ માનસિક તાણથી પરેશાન છે. નિયમિત આ મુદ્રા કરવાથી ડિપ્રેશનમાં, માનસિક તાણમાં ખૂબ જ ઘટાડો થાય છે. આમ નિયમિત ૩ વખત પાંચેક મિનીટ આ મુદ્રા કરી ફાયદો મેળવો.

**૪) દાદરા ચડવા ઉતરવાના ફાયદા :** ઉપલા માળ કે અગાસી પર જવા-આવવા દાદરા અથવા સીડીઓનો ઉપયોગ કરવામાં આવે છે. દાદરા ચડવા-ઉતરવા આરોગ્ય માટે એક ઉત્તમ ક્રિયા છે. નિયમિત સવાર-સાંજ ૧૫-૧૫ મિનીટ દાદરા ચડવા ઉતરવાથી આરોગ્યના ૪ ફાયદા થાય છે. (૧) શરીરનો એકંદર ઢાંચો મજબૂત બને, શરીરને એક પ્રકારની કસરત મળી રહે, પગના, હાથના, સ્નાયુઓ, હાથ-પગના સાંધા, કમરના સાંધા વગેરે મજબુત અને નિરોગી બને છે. જે વ્યક્તિ ચારેક માળના દાદરા સહેલાઈથી, વગર તકલીફે ચડી શકે એના સાંધા, સ્નાયુઓ, ફેફસા, ઉદરપટલ, હૃદય મજબૂત નિરોગી છે એમ સિધ્ધ થાય છે, વગર ખર્ચે એની સ્ટ્રેસ ટેસ્ટ (Tread mill, Test-TMYT) થઈ જાય છે. પણ જેને જરા પણ હૃદયરોગની શંકા હોય તેમણે અચાનક આ પ્રયોગ (ટેસ્ટ) ન કરવો. નિયમિત દાદરા ચડવા ઉતરવાથી આમ એકંદર ઢાંચો મજબૂત બને છે. ૨) ચરબી-વજન ઝડપભેર ઘટવા લાગે છેઃ વગર દવાએ જો વજન ઘટાડવું હોય, ખોટી ચરબી ઘટાડવી હોય તો દાદરા ચડવા-ઉતરવાની કસરત સર્વશ્રેષ્ઠ છે, જો પગની, ઘુંટણની કોઈ તકલીફ ન હોય, હાર્ટની કોઈ તકલીફ ન હોય તેમણે નિયમિત આ કસરત કરવી જોઈએ, જ્યાં સુધી થાકે નહિ ત્યાં સુધી દાદરા ચડવા-ઉતરવાની કસરત કરવી જોઈએ. ૩) ડાયાબિટીસ, હાઈ બી.પી. ઘટવા લાગે : જેમને ડાયાબિટીસ હાઈ બી.પી.ની તકલીફ હોય તેમના માટે આ ક્રિયા આશિર્વાદ સમાન છે. નિયમિત સવાર-સાંજ આ ક્રિયા ૧૫-૧૫ મિનીટ કરવાથી શરીરમાં ખોટી ચરબી હશે તો તે ઘટશે, વજન ઘટશે અને આપોઆપ ૨ મહિનામાં ડાયાબિટીસ, હાઈ બી.પી. હશે તો દૂર થશે, નહિ હોય તો ક્યારેય લાગુ નહીં પડે. હૃદય પણ મજબૂત થશે કારણ કે પગની પીંડીઓને બીજુ હૃદય કહ્યું છે, એ હૃદયનું કામ સહેલુ કરે છે, હૃદયને મદદ કરે છે. ૪) ડિપ્રેશન, માનસિક તાણ, અનિદ્રા, ઓછી ભુખ, અપચન હશે તો દૂર થશે : આ જાતની બિમારીવાળાઓ માટે દાદરા ચડવા-ઉતરવા ચમત્કારી-રામબાણ ઈલાજ સાબિત થયો છે. નિયમિત આ ક્રિયા કરવાથી ધીરે ધીરે આ બિમારીઓની ગોળીઓ ઓછી થઈ, બંધ થાય છે, ૨ થી ૩ મહિનામાં દવાઓથી છૂટકારો મેળવી રોજીંદી ક્રિયાઓ કરી શકે છે, પણ શરત એટલી કે નિયમિત આ ક્રિયા ચાલુ રાખવી. (ક્રમશઃ)

આપણી ધરોહર

# શુભ-અશુભ વચ્ચે કાળા રંગનું વધતું વર્ચસ્વ

ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



ઈશ્વરનિર્મિત સૃષ્ટિએ રંગબેરંગી શણગાર સજ્યા છે. ભૂમિ કથ્થાઈ રંગથી, જ્યારે વૃક્ષ-લતાઓ લીલા રંગથી સજ્જ છે. ધોળો રંગ સપ્તરંગોને સમાવી લેનારો રંગ છે. જો આપણા જીવનમાં રંગ ન હોત તો, એવી કલ્પના એક ક્ષણ માટે કરી જુઓ. જો તેમ થયું હોત, તો જીવન નિરસ બની ગયું હોત. પણ ''હમ કાલે હૈ પર દિલવાલે હૈ'' ની સાથે હમણાંથી સમાજમાં કાળા રંગનું આકર્ષણ પુષ્કળ પ્રમાણમાં વધતું જોવા મળે છે. અને ધીમે ધીમે પોતાનું વર્ચસ્વ વધારતું જાય છે.

એવું માનવામાં આવે છે કે કાળો રંગ રાક્ષસ ગણાય છે અને તમારા જીવનમાં નકારાત્મક ઉર્જા લાવે છે. સાથે જ આ રંગ રાહુ અને શનિ સાથે પણ જોડાયેલો જોવા મળે છે. આવી સ્થિતિમાં આ રંગનો વધુ પડતો ઉપયોગ તમને માનસિક વિકાર આપી શકે છે. તેની અસરને કારણે તમારે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. અને આપણે શુભ કાર્યોમાં દેવ-દેવીને બોલાવીએ, રાક્ષસને આમંત્રણ આપતા નથી, એટલે શુભ કાર્યમાં કાળા રંગને પહેરવાનું ટાળતા હોઈએ છીએ. કાલી મા નો ક્રોધ એટલો શક્તિશાળી છે કે શિવ ભગવાનને પણ એમના સામનો કરવો પડયો હતો અને એ સમય અમાસની રાતની જેમ પૂરો અંધકાર છવાઈ ગયો હતો.

કાળા રંગમાં વાતાવરણમાંના નકારાત્મક સ્પંદનો ગ્રહણ કરવાની ક્ષમતા સૌથી વધારે હોય છે. ઈશ્વરે નિર્માણ કરેલો કાળો રંગ છોડતાં અન્ય સર્વ રંગો એકબીજામાં ભળી જાય છે. તેમના એકબીજામાં ભળવાથી ત્રીજા રંગની નિર્મિતિ થાય છે; પણ કાળા રંગમાં રહેલા તમોગુણી જડત્વને કારણે તે અન્ય રંગમાં ભળી શકતો નથી. તે કાળો જ રહે છે અથવા કાળાશ જેવો જ રંગ બને છે. તેને કારણે કાળો રંગ જોયા પછી ભારે લાગે છે. મધ્ય યુગના શરૂઆતના સમયમાં, કાળો રંગ સામાન્ય રીતે અંધકાર અને દુષ્ટતા સાથે સંકળાયેલો હતો. મધ્યયુગીન ચિત્રોમાં, શેતાનને સામાન્ય રીતે માનવ સ્વરૂપ ધરાવતા દર્શાવવામાં આવતો હતો, ફેશનમાં, કાળા રંગને લાલ રંગ જેવો મહિમા નહોતો, જે ખાનદાનીનો રંગ હતો. પણ વિરોધ કરવા કાળા વાવટા ફરકાવી કે કાળી સહી નાખવામાં આવે છે, અને કોઈને શ્રદ્ધાંજલિ આપવા કાળી પટ્ટી પહેરવામાં આવે છે તેમજ કોઈની યાદમાં બ્લેક ડે રાખવામાં આવે છે.

મધ્ય યુગથી કાળો રંગ ગંભીરતા અને સત્તાનો પ્રતીકાત્મક રંગ રહ્યો છે, અને આ કારણોસર તે હજુ પણ સામાન્ય રીતે ન્યાયાધીશો અને મેજિસ્ટ્રેટ દ્વારા પહેરવામાં આવે છે. પુસ્તકો, અખબારો અને દસ્તાવેજો છાપવા માટે કાળો રંગ સૌથી સામાન્ય રંગ છે, કારણ કે તે સફેદ કાગળ સાથે સૌથી વધુ કોન્ટ્રાસ્ટ પ્રદાન કરે છે અને તેથી તે વાંચવા માટે સૌથી સરળ રંગ છે. તેવી જ રીતે, સફેદ સ્ક્રીન પર કાળો ટેક્સ્ટ કમ્પ્યુટર સ્ક્રીન પર વપરાતો સૌથી સામાન્ય ફોર્મેટ છે. પહેલાંના જમાનામાં કાળા રંગનો ઉપયોગ લગભગ નહીંવત હતો. આજે આ રંગનો ઉપયોગ વધી રહ્યો છે. કાળો રંગ નવી પેઢીની પસંદગી છે. હવે તો વિવાહ/રીસેપ્શન જેવા માંગલિક પ્રસંગોમાં પણ કાળાં વસ્ત્રો ધારણ કરેલાં લોકો નજરે પડે છે. જોકે અનેક લોકોના મનમાં પ્રશ્નો હોય છે કે નિયમિત રીતે કાળા રંગનો ઉપયોગ કરી શકાય કે નહિં ?

કાળો રંગ દશ્યમાન પ્રકાશની ગેરહાજરી અથવા સંપૂર્ણ શોષણથી પરિણમે છે. કાળા રંગમાં ગરમી પણ વધુ પડતી હોવાથી વડીલો પહેલેથી એને અશુભ રંગ કહી રોજિંદા પહેરવેશથી દૂર રાખતા, પણ હવે તો સેન્ટ્રલ AC ના જમાનામાં તો બ્લેક કોટ વાળાને સાહેબ માનવામાં આવે છે.

કાળા રંગને અશુભ માનનારા જયારે કાળા કામને શુભ માને છે અને કાળા ધનને અશુભ માનતા નથી. પણ આજકાલ તો સારા પ્રસંગો હોય કે ધાર્મિક અનુષ્ઠાન, આ કાળા રંગએ પોતાનું વર્ચસ્વ અન્ય રંગો કરતા વધારી દીધું છે. અને આજની નવી પેઢી તો ''બ્લેક ઇસ બ્યૂટીફુલ'' ની કહેવતને સાચી ઠેરવતી હોય તેમ ડાર્ક ડેકોરેશન અને બ્લેક થીમ ઉપર પાર્ટી રાખવા માંડી છે.

કાળો રંગ ખોટું છે એવું ક્યાંય નથી લખેલું, કાળો રંગ વધુ સ્ટાઈલિશ લૂક આપે છે અને અન્ય રંગોથી અલગ તરી આવે છે. અને એ રંગ ઉપર અન્ય બધા રંગ સાથે બંધબેસે છે અને અલગ આકર્ષણ ઉભું કરે છે. આજના યુવાઓ પોતાને સ્લિમ અને અલગ દેખાવા આ રંગના કપડાં વધુ પસંદ કરે છે. પહેલાંના જમાનામાં લાઈટ ન હોવાથી કાળા રંગથી અંધકાર છવાઈ જતો અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો આવ્યા બાદ અડધી રાતે પણ અજવાળું લાગતું હોય છે અને આજની યુવા પેઢી દિવસ કરતા રાતે વધુ જાગતા હોઈ, તેમને આ રંગ વધુ પસંદ પડે છે. કાળો રંગ શક્તિશાળી ઊર્જા ઉત્પન્ન કરે છે. સંશોધન પ્રમાણે કાળો રંગ વ્યક્તિને સુસંસ્કૃત, શિસ્તબદ્ધ અને વ્યાવહારિક બનાવી શકે છે. આ રંગ ભવ્યતા અને રહસ્યમય ભાવના જાગૃત કરનારો છે. જોકે કાળા રંગનો વધારે પડતો ઉપયોગ વ્યક્તિમાં ભય ઊભો કરે છે. આમ, પહેલી બાબત કે પ્રસંગોપાત કાળાં વસ્ત્રો લાભકારી ગણાય, પણ નિયમિત ઉપયોગ નુકસાનકારક છે. કાળા રંગને અશુભ માનનારાનો પણ નજર ના લાગે એ માટે કાળા રંગનો જ દોરો કે તાવીજ પહેરવામાં આવે છે એના ઉપરથી નક્કી થાય છે કે કાળો રંગ અશુભ તો નથી જ, પણ અશુભ થતાં રોકે પણ છે.


**Excellent Opportunity**

Exclusive for Retired, Seniors, Housewives Age 50+ Restart your career with Awesome Benefits like Salary, Incentives, PF, Medical, Foreign Tours, Work From Home. You will get Excellent Training & Team Support.

**Contact**

**Hitendra Nagda Mob. :-8976385160 (Mumbai)**


## મિત્રોની કલગીમાં પીછું ઉમેરાયું



**એડ. કેતન મધુકાન્ત લોડાયા**

**કોઠારા (ગાંધીધામ)**

Appointed as NOTARY PUBLIC

આપશ્રીની ગુજરાત સરકાર દ્વારા નોટરી પબ્લિક તરીકે નિમણુંક થવા બદલ હાર્દિક અભિનંદન સાથે અમારા મિત્ર ઉતરોતર પ્રગતિના સોપાન સર કરે અને મિત્રોની કલગીમાં પીંછા ઉમેરતા જાય એવી શુભકામના.

**The Warriors Group, ગાંધીધામ**

**મિતેશ-જીગર- જુગલ-વિપુલ-ધવલ**


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**SALE - SALE - SALE**

**એમ્બ્રોયડરી સાડીઓનું ભવ્ય....SALE**

**20% To 50% Discount**

- 30% Dis. મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, બોર્ડર, બટવા
- 30% Dis. Fancy Party Wear Saree.
- 20% Dis. બાંધણી સાડી, દુપટ્ટા.
- 20% Dis. કોટા એમ્બ્રોયડરી તથા વીવીંગ સાડી.
- 20% Dis. Readymade પંજાબી સુટ
- 30% Dis. પ્લેન પોત (અનેક વેરાયટી)
- 40% Dis. Hand Work પારસી ગારા સાડી, દુપટ્ટા
- **SPL OFFER:** 50% Dis. Fancy એમ્બ્રોયડરી કારીગરની Fresh સેમ્પલ સાડી ઉપર (Limited Stock)
- પારસી વર્કના ચણીયા-ચોળીમાં અવનવી ડિઝાઈનનું કલેક્શન.
- જુની સાચી જરીની સાડી, ચણીયા-ચોળી, ઘરચોળા, બોર્ડર, સેલા સાચી જરીની બટકસબ-આરીવર્કની સાડી, ચણીયા-ચોળી બજાર કરતા વધારે ભાવથી વેંચવા આજે જ અમારા શો-રૂમની મુલાકાત લો.

**SUNDAY OPEN TILL DIWALI**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.ર, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

વનિતા
વિશ્વ

# દિવાળી ગઈકાલ અને આજ

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



તમે કેટલી દિવાળી જોઈ છે? એમ કોઈને પૂછીએ તો એને ઉંમર પૂછ્યાંનું ખરાબ ન લાગે પણ કોઈએ સન્માન આપ્યું હોય એમ પોતાની ઉંમર અને સાથે એમના અનુભવનો પિટારો આપણી સામે ખોલી દે.

દિવાળી એક પ્રકાશ પર્વ છે. અંધકારથી પ્રકાશ તરફ લઈ જનારું પર્વ જેને આપણે ખુબ સુંદરતાથી વિવિધ રીતે ઉજવીએ છીએ.

દિવાળી આવવાની હોય ત્યારે આખા વર્ષની સાફ સફાઈ કરીને સંઘરેલો, ન વપરાયેલો સામાન કાઢી નાખીએ છીએ તેમજ આપણા મનમાંથી પણ આપણને કોઈના પ્રત્યે રહેલા વૈમનસ્ય ભાવને પણ સાફ કરી દેવો જોઈએ.

જૈન ધર્મ પ્રમાણે દિવાળીનો તહેવાર એટલે આત્મચિંતનનો તેમજ આનંદનો પર્વ છે. આત્મચિંતન એટલા માટે કે એ જ દિવસે આપણા ૨૪મા તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા. આનંદ એટલા માટે કે પ્રભુ નિર્વાણ પામીને મોક્ષ માર્ગે સિધાવ્યા અને જન્મ મરણના ફેરાથી મુક્ત થઈ ગયા .

દિવાળી આવવાની ખુશીમાં આપણે ખૂબ ફરાળ, મીઠાઈ, નમકીન વગેરે બનાવીએ છીએ. થોડા વર્ષો પહેલાં સુધી તો ફરાળની થાળીની આપ-લે થતી. એકબીજાને ઘરે મળવા જવાનો આનંદ હતો. દરેક ઘરમાં સ્ત્રીઓ પોતાના કલા કૌશલ્યથી વિધ- વિધ વાનગીઓ બનાવી સૌના દિલ જીતી લેતી હતી. વાનગીઓ બનાવવાની, ખાવાની અને ખવડાવવાની જે પરંપરા હતી અને એમાં જે પ્રેમ હતો તે હવે લુપ્ત થતું જાય છે. એક તો બધા હેલ્થ કોન્સીયસ એટલે કે સ્વાસ્થ્યની સભાનતા તેમજ વર્કિંગ કલ્ચરના લીધે સમયનો અભાવ હોવાથી ઘરે કોઈ ચીજ બનતી નથી. ફક્ત નામ પૂરતું પૂજામાં મુકવા માટે અથવા ચાખવા માટે amazon કે flipkart થી મંગાવી લેવાય છે, જે મીઠાઈ ફરસાણ સારી પણ મોંઘીદાટ હોય છે. એમાં ઘરે બનેલી વાનગી જેવો સ્વાદ અને સોડમ ક્યાંય નથી હોતો.

ઘેર-ઘેર બનતા અથવા મંગાવાતા ફાસ્ટ ફૂડ કરતા ક્યારેક વારે તહેવારે બનતા શુદ્ધ અને સાત્વિક ચીજો બહુ ફાયદાકારક હોય છે. એનાથી પરસ્પર પ્રેમ પાંગરતો હોય છે. કેટલાય દિવસો સુધી ડબ્બામાં સંઘરાયેલા સેવ, ચકલી, ઘૂઘરા અને લાડુ વગેરે ખાવામાં જે આનંદ છે તે ક્યાંય નહીં મળે. આપણે જાણે ચહેરા પર નકલી મુખવટો પહેરીને ફરતા હોઈએ છીએ. મન ભરીને હસવાનું તેમજ જીવવાનું પણ ભૂલી ગયા છીએ. લગભગ બધા તહેવારો ફક્ત પરંપરા જાળવવા માટે જ કરતા હોઈએ છીએ એવું મને લાગે છે .

તમારા ઘરે દિવાળી કેવી રીતે ઉજવો છો?

**જગતજનની મા કલ્યાણી....**

મા આશાપુરા અંઇ કચ્છજી ધણિયાણી
નવરાત્રિ મેં નેત નવા રૂપ ધરંધલ
ભક્તેંતે અમીજી વર્ષા કંઇધલ
દેશપરદેશ થી આંજે દર્શને ઉમટયા અંઇ નરનારી
કોય પગપાળા ત કોય વિવિધ કરેને સવારી
કોક ધરાઇયેં ફળફુલ ત કોય ધુપ તા ખેવાઇયેં
મા તું ત મેંણીજીયું આશા પૂર્ણ કરાઇયેં
હોમહવન થીયેં આંજે દરબારમેં
મા આંજો મઢ ગજે સારે સંસારમેં
આંજે ધ્વારેથી ન વેને કોઈ ખાલી
ન ભક્ત નરનારી ન કોય સવાલી
શિશ નમાયતો આંજો ભક્ત હી શાંતિ
સુમતિ સિવાય નાંય મુંમેં કોઇ કુમતિ
જય જય મા ગઢવાળી આશાપુરા
ઉતારીજા મુંકે અંઇ ભવપાર

**- શાંતિલાલ રામજી લાલકા-હુબલી**
**મો નં ૯૨૪૨૨૨૦૮૦૩**

# પૈસો બોલે છે

પૈસા પાસે નથી મુખ,નથી વાચા પણ શબ્દો બોલે છે ફટફટ,
પણ એના માત્ર દર્શનથી બધા કર્યો થતા ફટાફટ, કારણ પૈસો બોલે છે!
જીવનમાં માન છે, સન્માન છે, ઓળખ છે,પહેચાન છે,
જો તમારી પાસે પૈસાની રેલમછેલ છે, કારણ પૈસો બોલે છે!
અમીરો માટે ચાંદીની થાળીમાં જમણ સાથે ફરસાણ સાથે મિષ્ઠાન આવે ચાર,
વિના રૂપિયા જીવન લાગે બેકાર, સ્ટીલની થાળીમાં સૂકી રોટલી પણ આપવા લાગે ભાર,
કારણ પૈસો બોલે છે!
અટકાયેલા કામો,સ્કૂલ, કોલેજ એડમિશન, નોકરી મળે પૈસાના આધારે,
કાબેલિયત હોવા છતાં સાધારણ માણસ દર દર ભટકે  વિના કોઈ સહારે, કારણ પૈસો બોલે છે!
ધન વિના પાક્કા સંબંધો પણ જાય  છે વીખરાઈ, રૂપિયાની ચમક જોઈ અજાણ્યા પણ આવે ખેંચાઇ,
ધન વિના રૂપ રંગ પણ છે નકામા,ભરેલા ખીચા તો લોકો જુએ સામા, કારણ પૈસો બોલે છે!
તમારી ઓળખ તમે નહીં, છે તમારું બેંક બેલેન્સ, ભલભલા થઈ જાય છે તમારી સામે સાઈલન્સ,
એના વગર તમે કોણ એ છે એક સસ્પેન્સ, કારણ પૈસો બોલે છે!
ઈમાન પણ ક્યાં ભાવ રાખે છે નોટનો ઢગલો જોઈ ન્યાય પણ વળે,
પૈસા સામે હકીકત બદલાય,ચિત્ર બદલાય સત્ય બને અસત્ય  ટળે,  કારણ પૈસો બોલે છે!
વિના મીઠી ઊંઘ અમીરોના સ્વપ્ન ખુલ્લી આંખે થાય પુરા,
સારી ઊંઘ,મહેનત,હાથ પગ હલાવે તોય રહે એના સ્વપ્ન અધૂરા, કારણ પૈસો બોલે છે!
પૈસામાં છે એવો જાદુ,એવો પાવર જેની સામે નાનું ઝૂંપડું પણ લાગે ટાવર,
વિના પૈસા માણસ જાણે બુક વિનાનું કવર, ભમતો રહે જેમ  મધ દરિયામાં ભંવર, કારણ પૈસો બોલે છે!
પૈસો જોઈ શકે વિના આંખો,પૈસો સાંભળી શકે વિના કાન,
ભરે ઊંચી ઉડાન વિના પાંખો, એના વગર તો  નથી મળતું માન, કારણ પૈસો બોલે છે!
વિના અદાલત પૈસો ફેસલો પણ સંભળાવે છે, ઈજ્જત, આબરૂ તોલાય છે
જ્યાં પૈસો બોલાય છે, કારણ પૈસો બોલે છે!
કનુ કહે અરિહંત ને,
એવો તે કેવો છે સંસાર, કેવો છે આચાર વિચાર,  વ્યાખ્યા બદલ
તું આ પૈસાની, સમજ આપ તું સાચા ખોટાની,  પૈસાની ચમક ઓછી કર કે અંધાપો ન આવે,
પૈસાની ખનક ઓછી કર કે બહેરાશ ન આવે, પૈસાની બોલી ઓછી કર કે તોછડાઈ ન આવે,
પૈસાની તાકાત ઓછી કરવી અહંકાર ન આવે, કારણ પૈસો બોલે છે!

**- કનક જયેશ અજાણી-કોઠારા (માટુંગા સેન્ટ્રલ )**

(kanakjajani@gmail.com)

## ગહુલી સ્ટાર ટુર્નામેન્ટ (GST UTSAV)

કેડીઓ દીપ WhatsApp Group દ્વારા પ્રથમ વખત ઓનલાઈન ગહુલી બનાવવાની વિશ્વસ્તરીય સ્પર્ધા.

ભાગ લેવા માટે કોઈ ફી નથી. કોઈપણ ઉંમરના બહેન-ભાઈઓ ભાગ લઈ શકે. પહેલેથી જ ૫૦+ નામ નોંધાયા છે (ઉંમર ૫ થી ૮૦+). એક બહેન હ્યુસ્ટન, USAથી ભાગ લઈ રહી છે. પ્રથમ વિડિયો સુજાપુરથી મળ્યો છે.

**નિયમોઃ** ગહુલી ફક્ત સફેદ ચોખાના દાણા વડે જ બનાવવી. બોર્ડર પણ ચોખાના દાણા વડે જ. સિદ્ધશીલા વગેરેની જરૂર નથી. વિડિયોમાં કલાકારનું મુખ અને હાથ દેખાવા જોઈએ. ગહુલી પાસે નૈવેદ્ય, મીઠાઈ, ફળ, ફૂલ ન મૂકવા. શરૂઆતમાં પોતાનું નામ અને શહેર કહેવું ફરજિયાત. અંતિમ ગહુલીનો ફોટો તથા કલાકારનો ફોટો મોકલવો.

**નોંધણી માટે જરૂરી વિગતોઃ** ૧. સંપૂર્ણ નામ, ૨. ઉંમર, ૩. પુરુષ / સ્ત્રી, ૪. સરનામું, ૫. ગામ (કચ્છ), ૬. ઈતર જ્ઞાતિમાં બહેનના લગ્ન થયા હોય તો વિગત, ૭. મોબાઇલ નંબર.

**અંતિમ તારીખ :** ગહુલી વિડિયો સબમિશન - ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫. KDO જ્ઞાતિ સિવાયના ૨ નિષ્ણાતો દ્વારા નિર્ણય, તેમનો નિર્ણય અંતિમ રહેશે.

વિડિયો મોકલવા માટે WhatsApp નંબર (મુંબઈ સંયોજકો)

૧. સૃષ્ટિ વિશાલ સોની - ૯૮૩૩૮ ૯૮૩૬૮

૨. ભાવિકા યોગેશ મુનવર - ૯૮૨૧૭ ૫૬૦૪૧

૩. આશા હિતેન્દ્ર ગોસર - ૯૦૨૯૦ ૯૨૧૬૬

**પુરસ્કારોઃ** પ્રથમ-રૂા.૫,૦૦૦/-, દ્વિતિય-રૂા.૩,૦૦૦/- તૃતિય-રૂા.૨,૦૦૦/-, ૫ પ્રોત્સાહન-રૂા.૧,૦૦૦/-.

**સેવાઃ** શ્રીમતી મનોરમા તિલકચંદ, ચેન્નઈ
મો. ૯૫૬૬૨ ૩૩૮૮૩.

**યોજનાના વિચારકઃ** શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નઈ - મો. ૯૯૪૦૬ ૩૬૬૪૬

## દિકરા સાથે રહેવું જરૂરી છે?




અત્યારે સમય બદલાયો છે. કુટુંબની વ્યાખ્યા એટલે 'હું-મારી પત્ની અને મારા બાળકો' આમાં મા-બાપની જગ્યાની કુટુંબમાંથી બાદબાકી થઈ ગઈ છે.

દરેક મા-બાપની ઈચ્છાઓ હોય કે દિકરો સાથે રહે અને ઘડપણમાં બંનેની સાર-સંભાળ રાખે. કારણ કે જેમણે નાનપણથી લાડકોડ કરી ભણાવ્યા, મોટા કર્યા એમની પાછળ એમના દરેક શોખ પુરા કરવા પૈસાનું પાણી કર્યું, ધામધુમથી લગ્ન કર્યા અને થોડા જ મહિનામાં બાજી પલટાઈ જાય.

અત્યારની પેઢી પૈસાને પ્રાધાન્ય, પોતાનાં હરવા-ફરવા, ખાવા-પીવા ભૌતિક સુખ સગવડના સાધનોની ખરીદીમાં, મા-બાપને સમજવામાં ભુલ કરી બેઠા. એ એમના પર બોઝ બનવા લાગ્યા.

મા-બાપની બિમારી, સાર-સંભાળ અન્ય બાબતોમાં અવગણના કરવા લાગ્યા છે. બંનેના વિચારોમાં મનમેળ બેસતા નથી. ક્યાંક મા-બાપ પણ પોતાના જટીલ સ્વભાવ અને હઠાગ્રહના હિસાબે એડજસ્ટ નથી કરી શકતા.

મા-બાપના કરકસર, સાદગી, રોક-ટોક, જીદ્દીપણું એમને પસંદ નથી પડતું. એથી રોજેરોજના કંકાસથી કંટાળીને એ પોતે સ્વતંત્ર રહેવા ચાલ્યા જાય છે.

પૈસાદાર ફેમિલીમાં થતા બેફામ ખર્ચા જોઈને મધ્યમવર્ગીય પણ એમની દેખાદેખી કરવા લાગે છે. ત્યારે 'એક સાંધતા તેર ટુટે' એવી હાલત થાય છે. આવામાં ઈએમઆઈથી મળતા મોબાઈલ, ફર્નિચર, ગાડી, ઘરનાં હપ્તામાં બંને છેડા મેળવવા દિવસ-રાત પૈસા માટે સતત


**સોનલ આર્ટ** (થાણા) શાંતિભાઈ : 99678 41792

બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

દોડધામ કરતાં શારીરિક બિમારીઓને પણ નોતરી લે છે.

ક્યારેક એવું લાગે કે ક્યાંક સંસ્કાર,ઉછેરણી, કેળવણીમાં મા-બાપ કાચા પડ્યા હશે. દરેક કિસ્સામાં આવું નથી પણ બનતું જ્યાં મા-બાપ બાળકો સમજદાર પણ હોય છે અને સાથે સુખેથી રહે છે.

મારું અંગત મંતવ્ય એ છે કે બાળકોને નાનપણથી પ્રેમ, હુંફ, સમજણ, સંસ્કાર આપો. એમના ઉપર કોઈ જબરદસ્તી ન કરતા દરેક ચીજને વિશ્વાસથી, પ્રેમથી સાચી સમજણ આપો.

છતાં પણ પાછળની જીંદગીની પોતાની જરૂરિયાત મુજબની પુંજી સાચવી રાખજો. તમારા પુણ્ય હશે તો બધું સારું થશે. અને આવી સગવડ કે અગવડ મુશ્કેલી આવે તો પોતાના કર્મને દોષ આપજો, બાળકોને નહીં. સાથે રહેવું અને સુખથી રહેવું એ તો બધાને ગમે.

**લી. રાયચંદ ડી. જીવાણી**

**૮૭૭૯૮૭૫૧૦૯**


Mahavir's • Matunga Sale

20% 30%

# "GRAND SALE"

## Embroidery Sarees

**Shree Mahavir's Embroidery**

Parsi Family Shop At Matunga (Since 1978)

**Mon. 22-09-2025 to Tue. 21-10-2025**
**Open All Days Upto Diwali**
**Timing 10.00 am to 8.30 pm**

- 30% on Hand Gara & Dupatta.
- 30% on Machine Gara Saree, Kurti, Stall, Kot & Dupatta.
- 40% on Fancy Embroidery Saree.
- 20% on Make to Order.
- 30% on Plain Saree Material.

We are Buying Real Jari and Parsi Gara

**50% Discount on**
**Sample Embroidery Fresh Saree**

**SHREE MAHAVIR'S EMBROIDERY**
Raj Niketan Building,
Near HDFC Bank, Opp. Matunga Post Office,
Bhandarkar Road, Matunga-C.R., Mumbai - 400 019.

40% **Mobile : 8652239537 / 9833916510** 50%

Mahavir's • Matunga Sale
Mahavir's • Matunga Sale


# હાર્દિક અભિનંદન

## લાલકા તથા મૈશેરી પરિવારનું ગૌરવ
## અમારા પરિવારનો લાડકવાયો



## ચિ. રુશાંક સચીન શાહ

**પપ્પા : સચીન રાયચંદ લાલકા (શાહ)**
**મમ્મી : સૌ. જસ્મીન સચીન લાલકા (શાહ)**

MPSTME કોલેજમાંથી B.Tech in Computer Engineeringની ડીગ્રીમાં ઉચ્ચ ગુણાંકે મેરીટમાં (3.91/4) સ્નાતક થઈ પરિવારનું ગૌરવ વધાર્યું છે. આવી જ રીતે ઉતરોતર પ્રગતિ કરે એવા શુભ આશીર્વાદ.

| | |
|---|---|
| દાદી-દાદા | : માતુશ્રી કસ્તુરીબેન રાયચંદ લાલકા |
| મોટા મમ્મી-પપ્પા | : સૌ. વર્ષાબેન હિરેનભાઈ લાલકા |
| ભાઈ | : ચિ. આકાશ હિરેન લાલકા |
| નાની-નાના | : સૌ. પ્રેમીલા અરવિંદ મૈશેરી (શાહ) |
| માસી-માસા | : સૌ. રાજુલ પિયુષ ડાગા |
| બહેન | : ચિ. મેહા પિયુષ ડાગા |

શુભેચ્છક — Happy Blends SPICES — શુભેચ્છક

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**પિંકેશ નવિન નાગડા**
નલિયા (ચેકનાકા)
વર્ષીતપ - ૩૦ ઉપવાસ



**છાયા જયેશ લોડાયા**
વાંકુ (ડોંબિવલી)
વર્ષીતપ - અઠ્ઠાઈ



**ભારતી ગૌતમ દંડ**
વરાડીયા (મુલુંડ)
વર્ષીતપ - અઠ્ઠાઈ



**ભાવિકા જીગર લોડાયા**
સુથરી (મુલુંડ)
વર્ષીતપ - અઠ્ઠાઈ



**મનીષા મહેન્દ્ર ધરમશી**
સાંધાણ (બારસી)
૪૫ અઠ્ઠમ તપ



**રોહિણી મણશી ડાઘા**
વરાડીયા (ભુજોડી)
પાર્શ્વજીન તપ - ૪૫ દિ.



**હેમલતા દિનેશ લોડાયા**
મોટી ખાવડી (ડોંબિવલી)
શમસવરણ તપ



**નીતા અજય દંડ**
તેરા (ચિંચવડ)
૨૦ સ્થાનક તપ-અઠ્ઠાઈ



**ધારિણી મહેન્દ્ર દંડ**
છાડુરા (વાપી)
યુગાપધાન તપ-૧૦ ઉ.



**ભરત દામજી મૈશેરી**
નલિયા (વાપી)
શંત્રુજ્ય તપ



**જીગ્ના નિતીશ નાગડા**
તેરા (કોઈમ્બતુર)
શંત્રુજ્ય તપ



**તેજલ ભાવિન લોડાયા**
જખૌ (મુલુંડ)
માસખમણ



**નીશા ધરમશી લાપસીયા**
રંગપુર (ઘાટકોપર)
સિદ્ધિતપ



**હિતાક્ષી દિપક લાપસીયા**
રંગપુર (ઘાટકોપર)
સિદ્ધિતપ



**દિપા પ્રજ્ઞેશ શાહ**
નલિયા (કરાડ)
સિદ્ધિતપ



**હેતવી પ્રજ્ઞેશ શાહ**
નલિયા (કરાડ)
સિદ્ધિતપ



**ધારિણી દિપક ડાઘા**
વરાડીયા (મુલુંડ)
સિદ્ધિતપ



**પ્રેરણા વરૂણ ભાટે**
સુથરી (ધુલીયા)
સૌ.કલ્પતરૂ તપ



**કાજલ પ્રમોદ વિકમશી**
વરાડીયા (હુબલી)
સંકટ નિવારણ તપ



**શીલા ભરત ખોના**
બારોઈ (હુબલી)
સંકટ નિવારણ તપ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**મનીષા અમીત ધરમશી**
સાંયરા
સંકટ નિવારણ તપ



**દિલીપ વેલજી દંડ**
મંજલ રે. (હુબલી)
સંકટ નિવારણ તપ



**ધારિણી મનીષ નાગડા**
મંજલ રે. (હુબલી)
સંકટ નિવારણ તપ



**મનીષ લક્ષ્મીચંદ નાગડા**
નલિયા (હુબલી)
સંકટ નિવારણ તપ



**છાયા નવિન મૈશેરી**
બાંડીયા (ડોંબિવલી)
ભક્તામર તપ-૨૦ આયં.



**જયેશ કાનજી શાહ (ધ્રોલ)**
ગોધરા (ચેન્નઈ)
આયંબીલ ઓળી (૯૭મી)



**વૈશાલી રાહુલ ધરમશી**
સુથરી (બેંગ્લોર)
૩૧ ઉપવાસ



**રાહુલ ખુશાલચંદ ધરમશી**
સુથરી (બેંગ્લોર)
૩૧ ઉપવાસ



**નીતા ગુલાબ ખોના**
નલિયા (સેંધવા)
૩૧ ઉપવાસ



**રાજેશ પ્રવિણ મૈશેરી**
મોટી સિંધોડી (ડોંબિવલી)
૧૭ ઉપવાસ



**અંતરા ધૈર્ય લોડાયા**
મંજલ રે. (મુલુંડ)
૧૬ ઉપવાસ



**જીગ્નેશ કુંવરજી મોતા**
રંગપુર ગઢવારી (મુલુંડ)
૧૬ ઉપવાસ



**હિયા મનીષ પટેલ (મોતા)**
તેરા (મુર્તિજાપુર)
૧૬ ઉપવાસ



**પ્રિત કિર્તી છેડા**
સુજાપર (નાંદેડ)
૧૬ ઉપવાસ



**હર્ષા ધનેશ ધરમશી**
સાંધાણ (વિરાર)
૧૬ ઉપવાસ



**ચિરાગ અરૂણ મોતા**
રાપર ગઢવારી (ડોંબિવલી)
૧૬ ઉપવાસ



**આનંદ થોભણ લોડાયા**
રવા (મસ્જીદ બંદર)
૧૬ ઉપવાસ



**મેહુલ હેમલ દંડ**
મંજલ રે. (દેવલાલી)
૧૬ ઉપવાસ



**સૌમ્યક તીલકચંદ શાહ**
સાંયરા (સુથરી)
૧૬ ઉપવાસ



**વાણી હિતેશ મોમાયા**
વરાડીયા (ભોપાલ)
૧૬ ઉપવાસ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**ચાર્મી મુકેશ મૈશેરી**
લાલા (અમદાવાદ)
૧૨ ઉપવાસ



**પુજા દિપક મૈશેરી**
વારાપધર (હુબલી)
૧૧ ઉપવાસ



**વૃદ્ધિ ગુલાબ મોતા**
તેરા (ઘાટકોપર)
૧૧ ઉપવાસ



**સોહમ નીરજ લોડાયા**
સુથરી (ઘાટકોપર)
૧૧ ઉપવાસ



**માન્યતા મુકેશ મૈશેરી**
લાલા (અમદાવાદ)
૧૦ ઉપવાસ



**મનીષા હરીશ મોમાયા**
સાંયરા (ડોંબિવલી)
૯ ઉપવાસ



**નિતીન કરમશી દંડ**
સાંધવ (હૈદરાબાદ)
૯ ઉપવાસ



**વેદાંત વિપુલ દંડ**
વરાડીયા (મલકાપુર)
૯ ઉપવાસ



**સરોજ નિતીન લોડાયા**
સુથરી (મુલુંડ)
૯ ઉપવાસ



**હિરલ બંટી શાહ**
નલિયા (મસ્જીદ બંદર)
૯ ઉપવાસ



**ક્રિશા નિતીન સાયલા**
તેરા (મુલુંડ)
૯ ઉપવાસ



**હિરલ નિતીન મૈશેરી**
નાની સીંધોડી (જાલના)
૯ ઉપવાસ



**નિરૂપમા નવિન મોતા**
મોટી સીંધોડી (મુલુંડ)
૯ ઉપવાસ



**નવિન કેશવજી મોતા**
મોટી સીંધોડી (મુલુંડ)
૯ ઉપવાસ



**પાયલ હેમંત વિકમશી**
સુથરી (ડોંબીવલી)
૯ ઉપવાસ



**શીલા રતીલાલ મોમાયા**
વરાડીયા (ભાંડુપ)
૯ ઉપવાસ



**નિરાલી કલ્પેશ શીચાલ**
જખૌ (મુલુંડ)
૯ ઉપવાસ



**દિવિક ઉર્વિ-દિપ લાલકા**
વારાપધર (ડોંબિવલી)
૧ ચૌ. ૨ તિ. ૩ દુ. ૬ નવ.



**દેશના શૈલેષ લોડાયા**
નલિયા (કોચીન)
અઠ્ઠાઈ



**જુલી જીગર દંડ**
લાલા (આદીપુર)
અઠ્ઠાઈ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના


**વૃજ નયન ખોના**
રંગપુર (બોરીવલી)
અઠ્ઠાઈ


**મિતાંશ હિતેશ લાપસીયા**
દલતુંગી (મુલુંડ)
અઠ્ઠાઈ


**પરિતા મનીષ છેડા**
નલિયા (ઘાટકોપર)
અઠ્ઠાઈ


**કલ્પીતા નિતેશ છેડા**
નલિયા (ઘાટકોપર)
અઠ્ઠાઈ


**દિવ્યાંશી મનીષ છેડા**
નલિયા (ઘાટકોપર)
અઠ્ઠાઈ


**વિશાલ મણીકાંત લોડાયા**
નલિયા (અંબરનાથ)
અઠ્ઠાઈ


**હેતલ વિશાલ મુનવર**
જખૌ (અગાસી-વિરાર)
અઠ્ઠાઈ


**કરીશ્મા ચેતન નાગડા**
નલિયા (ડોંબિવલી)
અઠ્ઠાઈ


**યશ નિતીન લોડાયા**
સાંધવ (ખામગાંવ)
અઠ્ઠાઈ


**ચિરાગ જયેશ શાહ**
સુથરી (ઘાટકોપર)
અઠ્ઠાઈ


**ધ્રુવ હિતેશ પોલડીયા**
ડુમરા (ડોંબિવલી)
અઠ્ઠાઈ


**રીટા વિરચંદ સોની**
સુથરી (ભાંડુપ)
અઠ્ઠાઈ


**ભાવિક અશોક લોડાયા**
સાંધવ (હાલોલ)
અઠ્ઠાઈ


**હિતેશ હરીશ પોલડીયા**
ડુમરા (ડોંબિવલી)
અઠ્ઠાઈ


**મુક્તિ ધવલ ખોના**
સાંધવ (ડોંબિવલી)
અઠ્ઠાઈ


**ધવલ ઉમેશ ખોના**
સાંધવ (ડોંબિવલી)
અઠ્ઠાઈ


**સલોની ભરત નાગડા**
રંગપુર (ગોરેગાંવ)
અઠ્ઠાઈ


**ફાલ્ગુની ભરત નાગડા**
રંગપુર (ગોરેગાંવ)
અઠ્ઠાઈ


**ધ્યાના ધવલ મોતા**
સુથરી (આદીપુર)
અઠ્ઠાઈ


**ગુલાબ મેઘજી લોડાયા**
સાંયરા (હુબલી)
અઠ્ઠાઈ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



મિત્તલ વસંત મોમાયા
વરાડીયા
અઠ્ઠાઈ



રતિકા ચિંતન નાગડા
નલિયા (ડોંબિવલી)
અઠ્ઠાઈ



સિદ્ધાંત હંસકુમાર ધુલ્લા
સુથરી (સોનગઢ)
અઠ્ઠાઈ



ધીરજ અજય દંડ
તેરા (ચિંચવડ)
અઠ્ઠાઈ



વિધી મણીલાલ મોમાયા
વરાડીયા (મુલુંડ)
અઠ્ઠાઈ



હાર્દિક અજય સિયાલ
જખૌ (પુના)
અઠ્ઠાઈ



નરેન્દ્ર મણીલાલ ધરમશી
નાની સિંઘોડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



પુષ્પા નરેન્દ્ર ધરમશી
નાની સિંઘોડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



ત્રીકમજી મેઘજી લોડાયા
વારાપધર (ડોંબિવલી)
અઠ્ઠાઈ



ધવલ ધિરેન ખોના
મોટી ખાવડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



નયન ખુશાલચંદ લોડાયા
વારાપધર (ડોંબિવલી)
અઠ્ઠાઈ



મિતાક્ષ જતીન સાયલા
તેરા (મુલુંડ)
અઠ્ઠાઈ



મીતલ મધુકર લોડાયા
સાંધવ (ભાડુંપ)
અઠ્ઠાઈ



અનુપમા વિરચંદ દંડ
કોઠારા (મુલુંડ)
અઠ્ઠાઈ



નિર્મલ વિરચંદ દંડ
કોઠારા (મુલુંડ)
અઠ્ઠાઈ



મહેક નિર્મલ દંડ
કોઠારા (મુલુંડ)
અઠ્ઠાઈ



મિથિલેશ રમેશ લુઠીયા
રાયધણજર (ઘાટકોપર)
અઠ્ઠાઈ



પ્રિયલ જય પટેલ (નાગડા)
સાંધવ (થાણા)
અઠ્ઠાઈ



પારસ ચીમનલાલ ધરમશી
સુથરી (સુરત)
અઠ્ઠાઈ



પર્વ ફાલ્ગેશ દંડ
નાની ખાવડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**ભાગ્ય નિતિન મૈશેરી**
નાની સીંધોડી (જાલના)
અઠ્ઠાઈ



**રોહિણી સચીન લોડાયા**
આરીખાણા (મુલુંડ)
અઠ્ઠાઈ



**અદ્ધી રૂપેશ નાગડા**
લાલા (ભાંડુપ)
અઠ્ઠાઈ



**અલ્પા નિમેશ લોડાયા**
કોઠારા (ઘાટકોપર)
અઠ્ઠાઈ



**પરેશ પંકજ દંડ**
લાલા (જામનગર)
અઠ્ઠાઈ



**જીલ ચેતન લોડાયા**
નલિયા (કોચીન)
અઠ્ઠાઈ



**રિદ્ધિ ચેતન લોડાયા**
નલિયા (કોચીન)
અઠ્ઠાઈ



**વૈશાલી હાર્દિક દંડ**
નાની ખાવડી (મુલુંડ)
અઠ્ઠાઈ



**પાર્થ લલીત લોડાયા**
નલિયા (કોચીન)
અઠ્ઠાઈ



**નિરજ પ્રવિણ લોડાયા**
નલિયા (કોચીન)
અઠ્ઠાઈ



**નીરજ લોડાયા**
સુથરી (ઘાટકોપર)
અઠ્ઠાઈ



**પ્રગતિ નિતીન મૈશેરી**
નાની સીંધોડી (જાલના)
અઠ્ઠાઈ



**જીલ હેતવી - હિતેન લોડાયા,** લાલા
અઠ્ઠાઈ



**અભિષેક પારસ ધરમશી**
કોઠારા
અઠ્ઠાઈ



**વીર દિપેશ ગોશર**
બારોઈ (થાણા)
અઠ્ઠાઈ



**રાકેશ હિરાચંદ છેડા**
નલિયા (હુબલી)
અઠ્ઠાઈ



**દર્શિત ચંદ્રેશ નાગડા**
રંગપુર (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**લીના પ્રવિણ લોડાયા**
કોઠારા (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**વિજયા મહેન્દ્ર પોલડીયા**
બાયઠ (ઈન્દોર)
અઠ્ઠાઈ



**મહેન્દ્ર ખેતશી પોલડીયા**
બાયઠ (ઈન્દોર)
અઠ્ઠાઈ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**ગૌરવ ચેતન લોડાયા**
સાંઘવ (મુલુંડ)
અઠ્ઠાઈ



**નિરવ હિતેશ ખોના**
સુથરી (ઘાટકોપર)
અઠ્ઠાઈ



**તારા હરેશ લોડાયા**
તેરા (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**મીના સુનિલ ખોના**
મોટી ખાવડી (સુરત)
અઠ્ઠાઈ



**કરણ શ્રેયાંશ મૈશેરી**
લાલા (જલગાંવ)
અઠ્ઠાઈ



**રોશની સંતોષ મોમાયા**
વરાડીયા (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**મયુરી ધર્મેશ કુરવા**
ગોધરા
અઠ્ઠાઈ



**કમલેશ જવેરીલાલ લોડાયા**
મોટી ખાવડી (કોચીન)
અઠ્ઠાઈ



**શ્રેયા જયેશ દંડ**
નલિયા (વડોદરા)
અઠ્ઠાઈ



**ઉપેન નવિન ધરમશી**
નાની સીંધોડી
અઠ્ઠાઈ



**માનસ મનીષ લોડાયા**
મોટી વરંડી (અમદાવાદ)
અઠ્ઠાઈ



**ઋષભ રતીલાલ પાનપરીયા**
નાગરેચા (વડોદરા)
અઠ્ઠાઈ



**ક્રિશા મેહુલ લોડાયા**
રવા (મુલુંડ)
અઠ્ઠાઈ



**નયન મુલચંદ લોડાયા**
સાંધાણ (વડોદરા)
અઠ્ઠાઈ



**તારા હરેશ લોડાયા**
તેરા (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**રતીલાલ શામજી મોમાયા**
વરાડીયા (ભાંડુપ)
અઠ્ઠાઈ



**ભૂમિકા વિજય સોની**
વાંકુ (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**નેહા રાજેશ દંડ**
પ્રજાઉ (ચેમ્બુર)
અઠ્ઠાઈ



**ભુપેન ખુશાલ લોડાયા**
રાપર ગઢવારી (વાશી)
અઠ્ઠાઈ



**નીશી અંકિત મૈશેરી**
નાની સિંધોડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**નીરવ વિમલ ભાટે**
રાપર (અહમદનગર)
અઠ્ઠાઈ



**હેત મહેશ મોમાયા**
સાંયરા (બાંડીયા)
અઠ્ઠાઈ



**પ્રિતી મહેશ મોમાયા**
સાંયરા (બાંડીયા)
અઠ્ઠાઈ



**પ્રિશા રાજેશ ધરમશી**
ભરૂડીયા (દાદર)
અઠ્ઠાઈ



**વિશાખા અમીત મોતા**
કુવાપધર (મુલુંડ)
અઠ્ઠાઈ



**મુકેશ ભવાનજી લોડાયા**
મોટી સિંધોડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**રેખા લલીત લોડાયા**
મોટી ખાવડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**ઓમ ભાવેશ સોની**
સુથરી (ભાંડુપ)
અઠ્ઠાઈ



**સોનલ રાજેશ દૌલત**
સુથરી (યુ.એસ.એ.)
અઠ્ઠાઈ



**સ્તુતી અરવિંદ નાગડા**
રંગપુર (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**વૃષ્ટિ ક્રિંકેશ મૈશેરી**
નાની સીંધોડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**દેવશ્રી મનીલ લાપસીયા**
સાંયરા (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**નિર્મલા ભરત લોડાયા**
મોટી ખાવડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**મોક્ષ વિશાલ દંડ**
સુથરી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**જીનલ પુનમચંદ દંડ**
વરાડીયા (ડોંબિવલી)
અઠ્ઠાઈ

**કુણાલ રાજેશ અજાણી**, કોઠારા (ચેંબુર), અઠ્ઠાઈ – **તન્વી કુણાલ અજાણી**, કોઠારા (ચેંબુર), અઠ્ઠાઈ

## ગામના મહાજનો – મંડળોને વિનમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષા દર મહિને તા. ૫ અને તા. ૨૦ના પ્રકાશિત થાય છે. ક.દ.ઓ. જ્ઞાતિના ગામો – મંડળોના સમાચારોને યથાયોગ્ય રીતે ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં સ્થાન આપવામાં આવે છે. વિશેષ શિક્ષણ કે સિદ્ધી પ્રાપ્ત કરનારા જ્ઞાતિજનોની માહિતી પણ ફોટો સાથે પ્રકાશિત કરવામાં આવે છે. એ માટે આપના મહાજનો – મંડળોના કાર્યક્રમોના સમાચારો તથા વ્યક્તિગત સિદ્ધિઓની માહિતી પ્રકાશ સમીક્ષાને વોટ્સએપ અથવા મેઈલ દ્વારા મોકલી આપવા વિનમ્ર વિનંતી છે જેથી નિયમિત રીતે પ્રકાશિત કરી શકાય.

**WhatsApp No. : 98215 35111 / E-mail : kdoprakash@gmail.com**

# પરપોટો:




પરપોટો એટલે સાબુની ફીણ થાય તેમાં હવા ભરાય એટલે આકાર વધે પછી તે ફૂટી જાય, ઘણીવાર પાણી ભરતી વખતે પરપોટા જોયા હશે તેનું આયુષ્ય વધુ ન હોય, તરત જ ફૂટી જાય, એટલે લેખને પરપોટો શિર્ષક આપવામાં આવ્યું છે. પરપોટા લેખમાં ગૂઢ રહસ્ય છે એટલે વિવેક બુદ્ધિપૂર્વક સમજવું પડશે. દરેક શબ્દો રહસ્યમય હશે અને સોશ્યલ મિડિયા અને પ્રિન્ટ મિડિયામાં પ્રકાશિત થાય એટલે સમજણપૂર્વક લખાણ પ્રકાશિત થયું છે.

જ્ઞાતિ સંમેલન દર વર્ષની જેમ રાબેતા મુજબ યોજાયું. આયોજકો અને સમારંભના વિશેષ પદસ્થ લોકો સમયસર પધારી ચૂક્યા હતાં. પ્રસંગની શરૂઆત કેવી રીતે કરવી? પ્રેક્ષકોની હાજરી તો જોઇશે? તેના વગર કોઇકની અનુમોદના (પ્રશંસા) કેવી રીતે કરવી, તે એક પ્રશ્ન હતો? લોકો સમયસર પહોંચે તે માટે નવકારશીની વ્યવસ્થા ગોઠવવામાં આવી જેથી પ્રેક્ષકોની સંખ્યા વધુ ઉપજે. પરંતુ, પ્રથમ ગ્રાસે માક્ષિકા જેવી સ્થિતિ નિર્માણ થઇ. ભારતીય રેલ્વેની જેમ નિર્ધારિત સમયથી રેલ્વે એક કલાક મોડી હતી. અહીં જ્ઞાતિજનો (પ્રેક્ષકો)ની સંખ્યા કેટલી બધી મહત્વની છે તે આયોજકોને સારી રીતે સમજાઇ ગઇ!

આગળની ત્રણ પંગત દરેક સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં જેમ ગોઠવાય તે પ્રમાણે રીઝર્વ હતી. જો કે, પ્રેક્ષકો ત્યાં બેસવાની આમેય કોશિષ ન કરે એટલે ચિંતા જેવું વિશેષ ન હતું. સૂત્રધાર પણ હોંશિયાર જોઇએ કેમ કે – કોને કેટલું મહત્ત્વ આપવું અને કેટલી ઉંચાઇએ લઇ જવું તે બધું જ આયોજન સમિતિ દ્વારા આયોજનબદ્ધ હતું. તમે મારા વખાણ કરો અને હું તમારા એટલે આપણે બંને શાબાશી મેળવી લઇએ! પ્રેક્ષકોને થોડું કંઇ સમજાય તેમના માટે તો જેમના વખાણ થાય તેની અનુમોદના કરવી અત્યંત જરૂરી બને. ક્યારેક તાળીઓ વગાડતાં પ્રેક્ષકો થાકી જાય એટલે સૂત્રધાર દ્વારા ફરી-ફરી યાદ કરાવવામાં આવે હવે તો તાળીઓ વગાડો, આ વ્યક્તિએ કેટલી બધી મોટી ઉપલબ્ધિ મેળવી છે! ક્યારેક તો ઊભા થઇને સલામી સાથે તાળીઓ વગાડો તેવું પણ પ્રોત્સાહન આપવામાં આવે.

પ્રતિ વર્ષની જેમ હોલ! આ સૂતેલા મુદ્દાને ફરી જગાડવામાં આવ્યો. આયોજક તરફથી ઘણાં પ્રયાસ પછી પોતાની અસફળતાના સુરો રેલાવ્યા. પ્રેક્ષકોને પાછળથી સમજાયું કે, હોલ નહીં – મોટી ઓફિસ લેવાની ચર્ચા ચાલી રહી છે. એક મણ વજનની વનસ્પતિ (ભોજન) ખાનાર હાથી એક રોટલીથી રાજી થઇ ગયો તેનાથી વિશેષ આનંદના સમાચાર શું હોઇ શકે? ૪૦-૫૦ કરોડમાં જે પ્રકલ્પ સંપન્ન થવાનું હોય અને તે કાર્ય ૫૧ લાખમાં પતતું હોય તો તેનાથી વિશેષ આનંદ શું હોઇ શકે?

અરે! ૫૧ લાખ એમ થોડી અપાય? ભાઇ! ૨૫૦૦ ફૂટ નવા બાંધકામમાં જગ્યા લો તો આવતા વર્ષે તેનો શુભારંભ થઇ જાય કેમ કે – આવતું વર્ષ સમિતિના કાર્યકાળનું અંતિમ વર્ષ છે, પછી સત્તા બદલાય અને ક્યાંક ચૂંટણી યોજાય અને સત્તા બદલાઇ ગઇ તો રીબીન કાપવાનો યશ તો બીજાને મળી જશે? બીજો મુદ્દો એ ઘટે કે ૨૫૦૦ ફૂટ જગ્યા મળશે જ ક્યાંથી કે ૫૧ ચૂકવવા પડે? ઘી ફરી ઘીના ઠામમાં ભરાઇ રહેશે. એક બુદ્ધિજીવીએ પ્રકાશ્યું કે – મફતમાં બધું ન અપાય! જેમના માટે કરવું છે તેમને યોગદાન આપવું જ પડે! એટલે રકમની ઉઘરાણી કરવા સમિતિની રચના કરો અને બધાય કામ પર લાગી જાઓ, હા! પરિણામ તાત્કાલિક જોઇશે!

ચોથી પંગતથી છેલ્લી હરોળમાં બેઠેલા લોકો માથું ખંજવાળવા લાગ્યા કે – આના કરતાં મનોરંજનનો કાર્યક્રમ રાખો ને! અમારું થોડુંક દુઃખ હળવું થઇ જાય! પ્રેક્ષકો હજી સમજવામાં સમય લે તે પહેલાં સૂત્રધારે જાદૂઇ છડી બહાર કાઢી અને સમિતિના તમામ સભ્યોને પ્રેક્ષકોની સામે દર્શન માટે રજૂ કરવામાં આવ્યા. સભ્યો પણ હોંશભેર જોડાયા કેમ કે સમગ્ર વર્ષ દરમ્યાન જ્ઞાતિની સેવામાં જોડાયા હતાં એટલે તેમનો અનુમોદનાનો વાસ્તવમાં હક હતો.

હદ તો ત્યારે થઇ કે – અરે! આ બધા કાર્ય થઇ રહ્યા છે તેનું મુખ્ય નેતૃત્વ તો ફલાણા ભાઇનું છે! જ્ઞાતિજનો હર્ષભેર વધાવી લો... આ જ જ્ઞાતિના કર્મઠ વ્યક્તિ છે તેના વગર તો

જ્ઞાતિનો વિકાસ શક્ય જ નથી. વગાડો તાળીઓ... નવકારશીનું ભોજન અત્યાર સુધીમાં તાળીઓ વગાડી પચી ચૂક્યું હતું. હોલમાં પાણી પીવાની વ્યવસ્થા ન હતી એટલે તરસ પણ બહુજ લાગી હતી. હવે દુઃખ એ વાતનું હતું કે પાણી પીવા જઇએ તો બેસવાની ખુરશી જતી રહે અને ફરી પછી બેસવા નહીં મળે. અહીં મુંબઇની લોકલ રેલ્વે જેવી સ્થિતિ હતી. તરસ્યા લોકો પણ ખુરશીને વળગી રહ્યા હતાં અને તરસ્યા રહેવાનું જ પસંદ કર્યું હતું.

અમુક જ્ઞાતિ હિતેચ્છુઓ રાબેતા મુજમ લાઇમ લાઇટમાં રહેવાની આદત પ્રમાણે મારી પાસે સમય ઓછો છે અને જ્ઞાતિહિતના અનેક કાર્યો મારે આજે જ પાર પાડવાના છે એટલે અત્યારે મને માઇક આપો તો હું પણ કંઇક ભાવતાં ભોજનીયા પીરસી શકું. પરંતુ, આ વખતે કોઇ મુદ્દો બચ્યો ન હતો કેમ કે ગયા સમારંભ વખતે ઘણું જ વધુ પડતું પીરસાઇ ગયું હતું હવે આ વખતે જ્ઞાતિજનોની પરીક્ષામાં નાપાસ થઈએ એ પહેલા ભગવાનનું સ્મરણ સાથે સ્તુતિઓ ગાઇને સમારંભથી વિદાય લીધી.

એકાદ પદસ્થ વ્યક્તિએ પ્રકાશ્યું - લોકો જ્ઞાતિના કોડવર્ડ વિશે પૂછે છે કે આ કઇ જ્ઞાતિ હશે? કેમ કે શોર્ટકટ હંમેશા ભયાનક હોય છે અને પછી લોગો સોગઠાં રમતાં આકૃતિનો હોય એટલે સ્વાભાવિક છે કે પ્રશ્ન ઉપજે! દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને ઉપજે અને અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પને પણ ઊપજે આમાં નવાઇ જેવું કંઇ જ નથી.

દરેક પદસ્થ લોકોએ પોત-પોતાના ક્ષેત્રના ગુણ ગાયા અને લોકોને પોતાની વિશેષતાની જાણકારી આપી. મુંબઇમાં જ્ઞાતિના આવાસ માટે આકાર લેતા પ્રકલ્પના ગુણગાન અને વિશેષતાઓ જણાવી અને તમે પણ ત્યાં મકાન લઇ શકો છો! એટલે સાંભળનાર પ્રેક્ષકોને એવું લાગ્યું કે રસ્તાનો માલ સસ્તામાં વેંચાઇ રહ્યો છે. પરંતુ, પ્રેક્ષકો આ વખતે ચતુર હતાં એટલે કોઇ જ સકારાત્મક પ્રતિસાદ ન આપ્યો.

સૂત્રધાર દ્વારા ખુશામતની હદ તો ત્યારે થઇ કે આ વ્યક્તિએ જ્ઞાતિ માટે શું-શું નથી કર્યું? પોતાનું આખુંય જીવન સમર્પિત કરી નાખ્યું છે એટલે તેને ફલાણા ગામના જ્ઞાતિ શિરોમણી તરીકે નવાજીએ! પ્રેક્ષકો પાણીના તરસ્યા હતાં અને ભૂખ પણ કકડીને લાગી હતી, કેમ કે તેમણે પોતાના સ્વદ્રવ્યથી એકઠી કરેલ રકમથી સાધર્મિક ભક્તિ કરવાની હતી એટલું જ નહીં પરંતુ, પદસ્થ લોકોની સાધર્મિક ભક્તિ કરાવીને પોતાના દ્વારા થયેલા વિશેષ દાનનો ઓડકાર લીધો હતો. હાશ! હવે ઘરે જઇએ ફરી આવતા વર્ષે કંઇક નવા પરાક્રમ સાંભળીએ અને પંચેન્દ્રિય જીવના એક અંગ કાનને શાતા આપીએ.

અરે! જ્ઞાતિજનો દરેક સદસ્યોને વ્યક્તિગત મિચ્છામિ દુક્કડમ્ કરીએ. અહીં ફલાણા ગામના જ્ઞાતિ શિરોમણી શબ્દ હવે 'પરપોટો' બની ગયો. સભામાં પ્રેક્ષકોએ ઊભા થઇ ચાલતી પકડી. મનોમન નક્કી કર્યું જ્ઞાતિ શિરોમણી એક જ હતાં અને તે જ રહેશે!

**- જીજ્ઞેશ ચંદ્રકાંત લોડાયા-વારાપધર (ડોંબિવલી)**

Mob.: +919833432251

***

**શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ)-ધુલીયા**

**વિશેષ સુધારાની સુચના**

**તા. ૧૨.૧૦.૨૦૨૫** ના રાખેલી સંસ્થાની સામાન્ય તથા કારોબારી સભા અનિવાર્ય કારણોસર મુલત્વી રાખવામાં આવી છે. ઉપરોક્ત સભા **રવિવાર તા. ૦૯.૧૧.૨૦૨૫**ના રાખવામાં આવેલ છે, જેની નોંધ લેશો.

**લી. કેતન ઠાકરશી ગોસર**
માનદ્ મંત્રી

'શુભ પ્રસંગો રહેશે રંગ-ઉજવો જ્યોતિ સંગ'

જ્યોતિ
Sarees Since 1976
Matunga (E)

Gharchola-Bandhni-Patola
Sarees-ChaniaCholi-Borders

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

# આપણી સંસ્કૃતિના કેટલાક પવિત્ર પ્રતીકો-પરંપરાઓની વાત

**લેખકઃ ડૉ. રવજીભાઈ ગાબાણી**

વિશ્વની સૌથી પ્રાચીનતમ સંસ્કૃતિ એટલે આપણી સનાતન સંસ્કૃતિ. સનાતન સંસ્કૃતિએ આ સૃષ્ટિના સકળ તત્વોની અમાન્યા જાળવીને જીવનને જીવવાની કેટલીક આગવી પદ્ધતિઓ વિકસાવી છે. વળી, આ પદ્ધતિઓની પાછળની ભાવના પણ ખૂબ જ ઉદાત અને સંસ્કારસભર જોવા મળે છે. માણસને જંગલી અવસ્થામાંથી સભ્ય અવસ્થામાં લઈ જવા માટે ઉપકારક બને એવી પદ્ધતિઓને, કેટલાક પ્રતીકો– પરંપરાઓ દ્વારા આગવી રીતે પ્રયોજીને સમાજવ્યવસ્થામાં રુઢ કરવામાં આવી છે. જેથી ચીરકાળ સુધી એની અસર રહે.

લિન્ટન અને ફોર્ડ જેવા માનસશાસ્ત્રીઓના મતે સંસ્કૃતિ એક ગતિશીલ ધારણા છે. વહેતી નદી જેવી સંસ્કૃતિમાં સમયે સમયે જરૂરી બદલાવ પણ આવતા રહે છે. કેટલાક તત્વો ઉમેરાય છે તો કેટલાક તત્વો બદલાય છે. કેટલાક તત્વો વળી અંત પામે છે. બદલાવના આવા દોરમાં પણ આપણી સનાતન સંસ્કૃતિએ એવી ઘણી બાબતોને જાળવી રાખી છે, જે આજે પણ ખૂબ જ યથાર્થ અને અર્થસભર જણાય છે. પાંચ હજાર વર્ષ જૂની, ઋષિમુનિઓ દ્વારા જન્મેલી આપણી સંસ્કૃતિના પાયામાં ધર્મ, અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય જોવા મળે છે. આપણી સંસ્કૃતિના કેટલાક પ્રતીકો–પરંપરાઓ સંદર્ભે વિચાર કરતા જણાશે કે, એની પાછળનો આશય કેટલો ઉમદા અને મહાન છે !

દીવો પ્રગટાવવાની આપણી પરંપરા ઘણી અર્થસભર છે. આદિમાનવની પહેલી અને સૌથી અગત્યની શોધ અગ્નિની શોધ છે. અગ્નિ પ્રકાશનું પ્રતીક છે, ઊર્જાનું પ્રતીક છે. જેની શોધ થકી આદિમાનવના જીવનમાં આમૂલ બદલાવ આવ્યો છે. એટલે જ અગ્નિનું જીવનમાં મહત્વ દર્શાવવા આપણાં કરોડો ઘરોમાં દીવો પ્રગટાવવામાં આવે છે. ''પ્રગટવું'', ''સળગવું'' અને ''બળવું'' ત્રણેય શબ્દો સરખા જેવા હોવા છતાં ત્રણેયના અર્થમાં ઘણો તાત્વિક ભેદ છે. ''પ્રગટવું'' અંદરની ઉર્જા દ્વારા ઝળહળ થવાની અભિવ્યક્તિનું દ્યોતક છે. ''સળગવું'' લાભદાયી પણ હોય શકે છે ને નુકસાનદાયી પણ હોય શકે છે. જ્યારે ''બળવું'' હંમેશા નુકસાનના સંદર્ભે જ અભિપ્રેત છે. ઓરડામાં પ્રગટાવેલ ઘીના દીવાની ધૂમ્રસેરોથી હવામાં રહેલ નુકસાનકારક, બિનઆરોગ્યપ્રદ સૂક્ષ્મ જીવાણુઓનો નાશ પામે છે. આમ, આ પ્રતીક અંધકાર દૂર કરનાર તેજોમય પ્રતીક હોવાથી આપણી સંસ્કૃતિમાં તેનું ઘણું મહત્વ રહેલું છે.

''નમસ્કાર'' પણ આપણી સંસ્કૃતિનું આગવું સંસ્કારપ્રતીક છે. ''નમઃ'' અર્થાત ''ન અહં.'' જ્યાં મારો અહં નથી, જ્યાં હું શુદ્ધ સ્વરૂપે છું – એ હું તમને નમન કરું છું.' પ્રેમપૂર્વક લાગણી દર્શાવવા, ઉપકારને વિનમ્રભાવે સ્વીકારવા કે ઋણસ્વીકાર કરવા માટે આપણાં પૂર્વજોએ આ અદ્‌ભૂત મુદ્રાનું નિર્માણ કર્યું છે. સંગીતમાં જેમ આલાપ પછી ગાયક સમ ઉપર આવે છે, તે રીતે બે હાથ જોડીને નમસ્કાર કરવાથી શરીર એક પૂર્ણ સમની સ્થિતિને પ્રાપ્ત કરે છે. આપણે જાણીએ છીએ એમ, દરેક વખતે ઈશ્વર પોતે આવીને આપણને મદદ નથી કરતો, પણ કોઈને કોઈ સ્વરૂપે અને કોઈને કોઈ માધ્યમથી એ આપણને મદદ કરે છે. જે માટે આભારનો ભાવ પ્રગટ કરવા સહાયરૂપ થયેલને આપણે બે હાથ જોડી નમસ્કાર કરીએ છીએ અને કૃતજ્ઞતાના ભાવને વ્યક્ત કરીએ છીએ.

માતાપિતા અને વડીલોના ચરણસ્પર્શ કરવા એ પણ આપણી સભ્યતાનું મહત્વપૂર્ણ સંસ્કાર પ્રતીક છે. આંગળીઓ ઊર્જાનું વહન કરનાર અગત્યનું અંગ છે. આ અંગ જ્યારે વડીલો કે માતાપિતાના ચરણોને સ્પર્શ કરે છે ત્યારે, તેમની ઉર્જાનો આપણામાં સંચાર થાય છે. એમના હૃદયમાંથી અનાયાસે આપણાં માટે આશીર્વાદના બે શબ્દો નીકળી જાય છે, જે આપણાં માટે મજબૂત સુરક્ષાકવચનું કામ કરે છે. વળી, માતપિતા કે વડીલોએ પોતાના જીવનકાળમાં ખૂબ તીર્થાટન કર્યું હોવાથી તેમના ચરણોમાં પવિત્ર સ્થળોના રજકણોના સ્પંદનો જોડાયેલા હોય છે. ચરણસ્પર્શ કરવાથી આ સ્પંદનોને આપણું હૃદય આત્મસાત કરતું હોય છે.

તિલક પરંપરા પણ આપણું આગવું સંસ્કારપ્રતીક છે. આ પરંપરા સમગ્ર દુનિયામાં માત્ર ભારત પાસે જ છે. આપણાં શરીરમાં ઉર્જા સતત વહેતી રહેતી હોય છે. આ ઉર્જા

વિદ્યુત ચુંબકીય સ્વરૂપમાં હોય છે અને તેનું મધ્યબિંદુ કે કેન્દ્રબિંદુ કપાળમાં હોય છે. વ્યક્તિ કોઈ ચિંતામાં હોય છે ત્યારે, તેનું કપાળ જ સૌથી વધુ ગરમ હોય છે. એ સમયે ત્યાં જો ચંદનનો લેપ કરવામાં આવે તો વ્યક્તિને તરત જ રાહત થઈ જાય છે. સંમોહન વિદ્યાના જાણકાર લોકો પણ વિદ્યાપ્રયોગ સમયે કપાળમાં સ્થિત કેન્દ્રબિંદુ પર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે. વળી, તિલક સૌભાગની નિશાની હોવાથી સ્ત્રીઓ પોતાનાં કપાળમાં તિલક કરે છે. શુભકાર્યની શરૂઆતમાં અને કોઈપણ ક્ષેત્રે વિજય મેળવ્યા બાદ કપાળમાં તિલક કરવાની આપણે ત્યાં પ્રથા છે. દુનિયાના અન્ય દેશોમાં આવો રિવાજ ક્યાંય પણ પ્રચલિત નથી.

પ્રદક્ષિણા પણ આપણું આગવું સંસ્કારપ્રતીક છે. જેમ મધ્યબિંદુ વિના વર્તુળ રચી નથી શકાતું, ઠીક એમ આપણાં જીવનમાં ઈશ્વર કે પરમતત્ત્વ નામનું કેન્દ્રબિંદુ છે અને એના અનેક ઉપકાર આપણાં ઉપર છે. જેથી તેના ઋણનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરવાના શુભ આશયથી આપણે ત્યાં એની પ્રદક્ષિણા કરવાની પ્રથા છે. પ્રદક્ષિણા હંમેશા ડાબેથી જમણી બાજુ કરવામાં આવે છે. કેમ કે, શાસ્ત્રમાં અને શરીરશાસ્ત્રમાં જમણી બાજુને મહત્વપૂર્ણ માનવામાં આવી છે. માતાપિતા અને ગુરુના ઉપકાર પરત્વે આદર પ્રગટ કરવા માટે આપણે એ ત્રણની પ્રદક્ષિણા કરીએ છીએ.

ભગવાનને અન્ન અર્પણ કરવાની પ્રથા પણ આપણી સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. ''પ્રભુ તારું જ છે ને તને અર્પણ કરીએ છીએ.'' એ ભાવથી અર્પણ થયેલ ભોજન આપણાં માટે શુદ્ધ અને સાત્વિક બની જાય છે. કેટલાક લોકો જમતા પહેલા થાળીમાં પાંચ કોળિયા મૂકે છે. જેનો હેતુ પાંચ તત્વોને યાદ કરી એમનું ઋણ સ્વીકાર કરવાનો જ છે. દેવઋણ, પિતૃઋણ, ઋષિઋણ, મનુષ્યઋણ અને ભૂતઋણ સ્વીકારવાની આપણી પરંપરાનો હેતુ શરીર અને મનને ભોજન લેતાં પહેલાં શાંત અને સ્વસ્થ કરવાનો છે.

સાથિયો કે સ્વસ્તિક આપણી ભારતીય સંસ્કૃતિનું અભિન્ન પ્રતીકચિહ્ન છે. સાથિયામાં રહેલ વત્તા (+) ની નિશાની ''ઉમેરવું'' એ વાતનો સ્પષ્ટ સંકેત આપે છે. પદાર્થવિજ્ઞાનમાં આ ચિહ્નને પોઝિટિવ અને નેગેટિવ તત્વનું મિલન ગણવામાં આવે છે. પોઝિટિવ અને નેગેટિવ બંને તત્વો મળે છે ત્યારે, નવીન શક્તિનું નિર્માણ થાય છે. એટલે કહી શકાય કે, સાથિયો શક્તિના ઉદયનું નિશાન છે. જૈન ધર્મમાં સાથિયાની ચાર પાંખોને ચાર ગતિના સંકેત રૂપે જોવામાં આવે છે. દેવગતિ, મનુષ્યગતિ, પશુપક્ષી-વનસ્પતિ ગતિ અને નરકની ગતિ. જેવું કર્મ કરીએ એવી ગતિ આપણને મળે એમ આ સ્વસ્તિક ચિહ્ન આપણને સૂચિત કરે છે. સાથિયાનું ચિહ્ન અનેક દેશોમાં પ્રતીકચિહ્ન તરીકે જોવા મળે છે. તે ચારેય દિશાઓનો પણ સંકેત આપે છે. વળી, તેનો એક અર્થ સૌભાગ્ય પણ થાય છે. તે માનવમાત્રના મંગલમય વિકાસનું પ્રતીક છે, જે ધાર્મિક અને વૈજ્ઞાનિક કસોટીમાંથી પાર ઉતર્યું છે.

ઘંટનાદ ઉચ્ચ તીવ્ર સ્વરમાં ''ઓમ''ના નાદની ખૂબ નજીકનો નાદ છે, એટલે આપણે ત્યાં મંદિરોમાં પ્રાર્થના સમયે ઘંટનાદ કરવામાં આવે છે. મંદિરના શિખર પરની ધજા સૌંદર્યની દૃષ્ટિએ મંદિરના મુગુટમાં કલગી સમાન છે. સામાન્ય અર્થમાં જોઈએ તો ધજા મંદિર અને એમાં બિરાજમાન દેવની ઓળખ આપતું પ્રતીક છે, પણ વ્યાવહારિક અર્થમાં પણ એનું ઘણું મહત્વ છે. પહેલાના સમયમાં માનવી પગપાળા કે બળદગાડા અથવા ઘોડા પર સવારી કરતો હતો. એ સમયે નહોતા મોટા રસ્તા કે નહોતા રસ્તા પરના માઈલસ્ટોન. એટલે દૂરથી દેખાતી ધજા સંકેત આપતી કે, અહીં કોઈ દેવસ્થાન છે. દેવસ્થાન હોય એટલે આજુબાજુમાં ક્યાંક નાનકડી વસતિ પણ હોવાની જ. આમ, ધજા વ્યક્તિના વિસામાના સ્થાનની ઓળખ આપવાનું કામ પણ કરતી હતી. ''શ્રીફળ વધેરવું એટલે મનમાં રહેલ ખરાબ વૃત્તિઓ નાશ પામવી અને અંદરથી શુદ્ધ મીઠાં જળ જેવી ભાવના અને વિચારોનું પ્રગટીકરણ થવું.''

આમ, આપણી સંસ્કૃતિના પ્રત્યેક સંસ્કારપ્રતીકો આપણને કોઈને કોઈ સંદેશ અવશ્ય આપે છે. એટલે જરૂર છે માત્ર આ સંસ્કારપ્રતીકો પાછળ છુપાયેલા હાર્દને સમજવાની, પામવાની.

**શ્રી ડોટ્સ :** જીવનમાં શાંતિ શોધવી સારી બાબત છે, પણ અશાંતિ ક્યાંથી આવી એ શોધવું એથીય સારી બાબત છે.

**સંકલન : શાંતિલાલ રામજી લાલકા-હુબલી**

## શ્રી આદિનાથપ્રભુ ધ્વજા વંદના

શ્રી વારાપધર ધામમાં હો
શ્રી આદિનાથ પ્રભુની ધ્વજાઓ લહેરાય છે
શ્રી જિનબિંબોના સંગમાં હો...
શ્રી આદિનાથપ્રભુની ધ્વજાઓ લહેરાય છે
લાલસુરખી રંગમાં, શિખરોના સંગમાં,
કૃપા રંગરંગમાં હો શ્રી આદિનાથપ્રભુ... (૧)
ઉરના ઉમંગમાં, મનના તરંગમાં,
શ્રી દેવ-દેવીના સંગમાં હો શ્રીઆદિનાથપ્રભુ..(૨)
કરૂણાના રંગમાં, જિનશાસનના સંગમાં,
શ્રી ગુરુ મૂર્તિના સંગમાં હો... શ્રી આદિનાથ પ્રભુ..(૩)
અંગ અંગ રંગમાં, સમતાના સંગમાં,
આનંદ-મંગલ સંઘમાં હો.. શ્રી આદિનાથપ્રભુ (૪)
ધ્વજાઓ લહેરાય છે,શ્રાવક હરખાય છે,
શ્રી શ્રાવિકાના સંગમાં હો.. શ્રી આદિનાથપ્રભુ (૫)
આસમાની આભમાં, ફર..ફર લહેરાય છે
ભકિત-ભાવ રંગમાં હો... શ્રી આદિનાથપ્રભુ (૬)
શ્રી વારાપધર સંઘમાં, મંગલ વર્તાય છે,
શ્રી મુનિશ્વરોના સંગમાં હો... શ્રી આદિનાથપ્રભુ (૭)
'જીત' નિત્ય યાદ કરી, વંદન કરે છે
શ્રી સફળસંઘની સંગમાં હો શ્રી આદિનાથ પ્રભુ (૮)

**- શ્રી જિતેન્દ્ર ઉમરશીભાઈ માસ્તર**
**(વારાપધર-અંતરજાળ)**


### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.


## પ્રેમ રાધાનો

મને આજે પણ યાદ છે એ પળ,
યમુના તટ ઉપર હું એકલી અટૂલી...
સંધ્યાના આકાશના સોનેરી રંગોમાં તને શોધતી.
તું આવ્યો નહિ, એ તકલીફ નથી પણ
જો તું ભૂલી ગયો હશે તો એ યાતના છે.
કેમ કે, તારું સ્મરણ એ જ મારા શ્વાસ
અને વિરહ એ જ મારી સાધના છે.
'કાના' તું માત્ર વ્રજમાં જ નહિ,
મારી ભીતર પ્રત્યેક લાગણીઓમાં તું વસે છે
યમુનાની લહેરોમાં પડતું કેશવ તારું પ્રતિબિંબ,
મારા ઉરના હર ધબકારમાં અહર્નિશ ધબકે છે.
મારી એ ઓઢણીમાં હજું તારા સ્પર્શની સૌરભ અખંડ છે
તું નથી; પણ હું છું. હજી પણ ઝંખનાથી ભીની તરબતર...!
'શ્યામ' તું તો ક્યાંક હશે વ્યસ્ત નવા ચક્રવ્યૂહની રચનામાં
પણ મારું અસ્તિત્વ તો કેવળ તારી હાજરી જ છે.

## સંવેદના... કૃષ્ણની

'રાધે', તારું નામ હું ઉચ્ચારું ત્યારે,
મન કદી મથુરા દોડી જાય,
તો ક્યારેક દોડે યમુના તટે
તારી આંખોની ચમક ચાંદનીની
તારું હાસ્ય એટલે મારી વાંસળીના વહેતા સુર
તારું અસ્તિત્વ એટલે એક જીવંત કથા
પ્રેમમાં સાથ મેળવ્યા વિના અનુભવાતી પૂર્ણતા
તારી ભક્તિ અને દીવાનગી એટલી કે
બ્રહ્માંડમાં પણ 'રાધા કૃષ્ણ' જ બોલાય
'રાધા', તું તો મારી એ ઝાંખી છે,
સખી, કે જે કદી વિસ્મૃત કે વિલાઈ જ નથી
પ્રિયે, તું તો પ્રેમમાં હારીને પણ જીતી ગઈ
આ, 'દ્વારકાધીશ' ને!
'હું' તો થયો બધાનો, પણ તું તો થઈ માત્ર મારી..!

**- જ્ઞાનેશ જયચંદ લાપસીયા, મુલુંડ ચેકનાકા**
**મો.: ૯૯૨૦૫ ૧૩૪૯૩**

ज्ञातिने स्पर्शता समाचारो टूंकमां पानानी एक बाजुए सारा अक्षरे कार्यक्रम पूर्ण थाय के तरत लखी मोकलवा विनंती.

### શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ-વડોદરા

શ્રી કે.ડી.ઓ. જૈન વિમલ મહિલા મંડળ ના સ્થાપના દિવસ નિમિત્તે તા ૨૩/૯/૨૫ ના બપોરે સ્નાત્ર મહોત્સવ (પૂજા) બાદ મંડળ ની જનરલ મીટીંગ રાખવામા આવી હતી મીટીંગમાં નવી કમીટીની રચના કરવામાં આવી જેમાં પ્રમુખ-રિધ્ધિબેન એલ લાલકા, ઉપપ્રમુખ-ભારતીબેન કે. લોડાયા, સેક્રેટરી-લતાબેન એન. ગોસર, સહ સેક્રેટરી-પ્રતિભાબેન લોડાયા, ખજાનચી-નિલમબેન લોડાયા, સહખજાનચી-રશ્મિબેન મોમાયાની નિમણૂંક કરવામાં આવી. ધાર્મિક કમીટી, સલાહકાર કમીટી તથા સાંસ્કૃતિક કમીટીની રચના કરવામાં આવી.

### શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

રંગપુર નગરે, પર્વાધિરાજ પર્યુષણ પર્વ તા. ૨૦.૮.૨૦૨૫ થી તા. ૨૮.૮.૨૦૨૫ દરમ્યાન જપ-તપ-જાપ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવાયા. શ્રી આર્યરક્ષિત અચલગચ્છ જૈન સંઘ દ્વારા આરાધક બહેનોને પર્વની ઉજવણી માટે મોકલવામાં આવી હતી. દરરોજ પક્ષાલ પૂજા, કેશર પૂજા, પુષ્પ પૂજા, શાંતિસ્નાત્ર, આરતી, મંગળ દીવો, ભક્તામરના પાઠ, શ્રાવકના કર્તવ્ય તેમજ કલ્પસૂત્રનું વાંચન થયેલ. સખીદિલ દાતાઓના સથવારે સંઘના રસોડે સાધર્મિક ભક્તિ, પ્રભાવના, પોથી તેમજ ઘોડીયા પારણાનો વરઘોડો, મહાવીર સ્વામી જન્મ વાંચને સમક્ષ સપનાની ઉછામણી, સામુહિક ક્ષમાપના, તપસ્વી બહુમાન, તીર્થ યાત્રા વગેરે ભાવપૂર્વક ઉજવવામાં આવેલ. આવતા વર્ષની ૨૦૨૬ની ધ્વજાનો લાભ રેકોર્ડ બ્રેક ઉછામણીથી થયેલ.

ગામવાસીઓ તેમજ નિયાણી બહેનોના પરિવારજનો, ટ્રસ્ટી સાહેબો, કારોબારી સભ્યો અને સલાહકાર સમિતીના સભ્યોની હાજરી હતી.

### શ્રી અરીહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડ

અગ્રગણ્ય તથા વિશ્વસનીય સહકારી સંસ્થા તરીકે જાણીતી શ્રી અરીહંત કો-ઓપરેટિવ બેંક લિમિટેડની ૪૨મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તાજેતરમાં બેંકના ચેરમેન શ્રી યશોધન રાયચંદ કારાણીના અધ્યક્ષસ્થાને, મુંબઈના મુલુંડ સ્થિત મહાકવિ કાલિદાસ નાટ્યમંદિર સભાગૃહમાં કરવામાં આવ્યું હતું.

સભાની શરૂઆત ચેરમેનશ્રી દ્વારા હાર્દિક સ્વાગત સાથે કરવામાં આવી. ત્યારબાદ ચેરમેનશ્રીએ તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધીના બેંકના નફા-નુકસાન ખાતા, થાપણ, ધિરાણ તથા સિક્યોરિટી સંબંધિત આંકડાઓની વિગતવાર રજૂઆત કરી. સભામાં ભૂતપૂર્વ ડાયરેક્ટરો કુમારભાઈ દંડ, મુકેશભાઈ મૈશેરી, રમેશ નાગડા, પદમશી લોડાયા અને જયભાઈ ડાઘાએ બેંકની પ્રગતિ અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા. વાઇસ ચેરમેન શ્રી ડોલરભાઈ શાહએ સભાસદો, થાપણદારો, બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ, કાનૂની સલાહકારો, મેનેજરો તથા કર્મચારીઓને સતત સહકાર બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સભાનું સફળ સંચાલન ડાયરેક્ટરશ્રીઓ મનીષાબેન પોલડિયા તથા શ્રીમતી તેજલબેન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૨૬.૧૦.૨૫ થી ૨૭.૧૦.૨૦૨૫ :** જખૌ ખાતે બિરાજમાન વિકમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના ભોઇ માની ગંધી બદલી તથા પોડશા દાદાના ભુવા ચયન વિધિઃ જખૌ સ્થાનકે.

**તા. ૦૫.૧૧.૨૦૨૫ :** વારાપધરમાં બિરાજમાન લોડાયા પરીવારના કુલદેવી શ્રી સચ્ચાઇ માતાજીના ભોઈમા ની ગંધી (ચુંદડી) બદલી પ્રસંગઃ સવારે ૯.૦૦ ક. થી.



# વતનના વર્તમાન

## સંકલન : કેસરસિંહ ખોના

### વીરજી લધા હાઈસ્કૂલનું નવીનીકરણ

પ્ર.સ.ના અસંખ્ય વાચકોમાંથી ઘણાએ નલિયાની આપણી સમજતા હતા એ વીરજી લધા હાઈસ્કુલનું સંચાલન જ્ઞાન વિસ્તારક સંઘે સરકારને સોંપી દેતા હતા તે હવે નવા આશાપુરા એજ્યુકેશન ટ્રસ્ટ માતાના મઢને સોંપી દેવાયું છે. નવા આશાપુરા ટ્રસ્ટ આ ૭૦ વર્ષથી પણ વધુ જૂની હાઈસ્કુલનું નવીનીકરણ હાથ ધરનાર છે.

માતાના મઢ જાગીરના ટ્રસ્ટી ખેંગારજી જાડેજાએ જાહેર કર્યું હતું કે શાળાના પુનર્નિર્માણ માટે અંદાજે રૂા. ત્રણથી ચાર કરોડ ખર્ચ કરાશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવનિર્મિત શાળા પુનઃ અગાઉની શ્રેષ્ઠ શાળાનું સ્થાન ફરી મેળવશે.

### વિશ્વ સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર દિન

ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીન અપ ડે અર્થાત વિશ્વ સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર દિન નિમીત્તે માંડવી બીચ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.

આ અભિયાન હેઠળ માંડવીના તટ વિસ્તાર / બીચને સ્વચ્છ કરવાના પ્રયાસમાં ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેઝર્ટ ઈકોલોજી-ભુજ, નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રીસર્ચ - ચેન્નઈ અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા સહયોગ કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશમાં અંદાજે ૪૪૦ કિલોગ્રામ કચરો એકત્ર થયો હતો. આ ઝુંબેશમાં ભુજ અને માંડવીની અનેક શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### સિધ્ધપીઠ રાજડા ટેકરી માંડવી નવરાત્રિ

માંડવી તાલુકાની સિધ્ધપીઠ પ.પૂ. સિધ્ધ યોગી મિસરીનાથ બાપુની તપોભૂમી રાજડા ટેકરી સ્થાનકે શારદીય નવરાત્રિની મહંત બાપુ અર્જુનનાથજી ગુરૂશ્રી દરિયાનાથજીની નિશ્રામાં ઉજવણી કરવામાં આવી હતી.

### અબડાસા ચરખા કેન્દ્રોમાં મહિલાઓને રોજગાર

પશ્ચિમ કચ્છ ખાદી કેન્દ્ર સંચાલિત અબડાસાના આરીખાણા, વાંકુ અને નલિયામાં ગ્રામઉદ્યોગ સંઘ મહિલાઓને રોજગાર આપે છે. આ કેન્દ્રોમાં સૂતર, સાબુ, મસાલા વગેરે બને છે. આરીખાણા કેન્દ્રમાં ૫૫ મહિલાઓ કાર્યરત છે.

### કલાકારોને ગૌરવ પુરસ્કાર

ગુજરાત રાજ્ય લલિત કળા અકાદમીએ આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી એવોર્ડ વિજેતા અરવિંદ નાથાણી અને ચિત્રકાર બિપીન સોનીને ગાંધીનગર ખાતે આયોજિત ગૌરવ પુરસ્કારથી નવાજ્યા હતા.

### વિશ્વ હડકવા દિન

ભુજમાં વિશ્વ હડકવા દિન (રેબીઝડે) નિમીત્તે ભુજ પશુ પાલન કોલેજ પરિસરમાં પાળેલા શ્વાન અને બિલાડીઓના રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી. એચ. ટાંક, કુલસચિવ ડૉ. કે. કે. હડિયાએ શુભારંભ કર્યો હતો. નાયબ પશુપાલન નિયામક (કમિશ્નર) ડૉ. રામાણી, કૌશલ મહેતા અને પશુપાલન કોલેજના આચાર્ય ડૉ. જયેશ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વ નદી દિવસ

કોતરો અને ખડકાળ ગોર્જ માટે વિખ્યાત ખારી નદીનું ૨૪ સપ્ટેમ્બરના દિને ઉજવાતા વિશ્વ નદી દિવસના ઉપક્રમે પાંચમી ગુજરાત નેવલ એનસીસી નં. ૧, કંપની, ભુજના કેડેટોએ કમાંડીંગ ઓફિસર લેફ્ટિનન્ટ કમાંડર દિપકાંત શર્માના માર્ગદર્શનમાં ભુજ નજીક ખારી નદી અને હમીરસરના કિનારે સ્વચ્છતા અભિયાન ચલાવ્યું હતું. આમાં એક અધિકારી, પાંચ જવાન અને ૮૫ કેડેટ જોડાયા હતા.

### પ્લાસ્ટીક મુક્ત મઢ પદયાત્રા

ભુજની આર. આર. લાલન કોલેજના એનએસએસ

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)

(રાષ્ટ્રીય સોશ્યલ સર્વિસ) કોર દ્વારા ભુજ દૂધઈ રોડ પર કોટડા ચાંદ્રાણીથી માનકુવા સુધીના માર્ગ પર પ્લાસ્ટીક ઉપયોગનો વિરોધ અને પ્લાસ્ટીકની સમસ્યા સમજાવતી પદયાત્રાનું આયોજન કરાયુ હતું.

**ચેતન ખત્રીનું ડાયવોર્સ સ્ટાર્ટઅપ**

બફેલો (યુ.એસ.)માં ભુજ કચ્છના ચેતન ખત્રીએ ડાયવોર્સના કેસ માટે કાયદાકીય ભાષાને સરળ વપરાશી ભાષામાં રજુ કરતો એપ તૈયાર કર્યો છે. એ.આઈ. (આર્ટીફિસીયલ ઈન્ટલીજન્ટ) આધારિત આ એપ કેસના પેપર અને સંલગ્ન વ્યક્તિની સ્થિતિને રજુ કરવામાં મદદરૂપ થાય છે. એઆઈ એપને બફેલો યુનિવર્સિટીના સંગઠનો સમક્ષ રજુઆતમાં બીજુ સ્થાન મળ્યું છે.

**ધર્મિષ્ઠાબા ગોહિલ કચ્છ માનવ અધિકાર સંગઠનના મહિલા પાંખતા પ્રમુખ પદે**

ધર્મિષ્ઠાબા ગોહિલ રાષ્ટ્રીય માનવ અધિકાર સુધાર સંગઠનના કચ્છ જિલ્લા મહિલા સંગઠનના પ્રમુખ નિમાયા છે.

**રાજેશ ગઢવીને પી.એચ.ડી.**

કચ્છ અંજારના વતની રાજેશ ભરતભાઈ ગઢવીએ અર્થશાસ્ત્ર વિષય પર પીએચડીની ડીગ્રી મેળવી છે.

ડિગ્રી માટેના શોધ નિબંધનો વિષય હતો 'કચ્છના પસંદગીના તાલુકામાં પશુપાલકોની પશુપાલન વ્યવસાયમાં સંકળાયેલાઓની આર્થિક, સામાજીક સ્થિતી' ગઢવીના આ વિષય પરની થિસીસમાં સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીથી વાપીની રોફેલ કોલેજના પ્રિન્સીપલ શ્રીમતી હેમાલીબેન દેસાઈ માર્ગદર્શક હતા.

**પ્રો. મિત્તલ ગોરને પી.એચ.ડી.**

ભુજની મુક્તજીવન સ્વામી બાપા મહિલા કોલેજના અંગ્રેજીના પ્રોફેસર મિત્તલબેન હિમાંશુ ગોરને તોલાણી કોલેજના આચાર્ય મનીષભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીથી અંગ્રેજી વિષયની થિસીસ પર પીએચડી ડીગ્રી પ્રાપ્ત થઈ છે.

**અનોખી ખડકાળ ખારી**

અમેરિકાના કોલેરાડો રાજ્યની કોલોરાડો રિવરની ગ્રાન્ડ કેનિયન વિશ્વ વિખ્યાત છે. એની ઊંડી કોતરો ખીણ અને ખડકોથી છવાયેલી ભૂરચના આશ્ચર્ય અને ભયનો માહોલ સર્જે છે.

આપણી ખારી નદીના કોતરો અને ખીણો પણ ઓછી ઉતરે એમ નથી. ખડકો અને શિલાઓમાં કુદરતની કારીગરી જોવા માણવા જેવી છે. ખારીની કોતરો અને ખીણોના પટમાં ફેલાયેલી શિલાઓ અદ્‌ભુત દશ્ય સર્જે છે. આ આશ્ચર્યજનક દશ્યાવલી ફોટોગ્રાફરો માટે અદ્‌ભુત સામગ્રી પૂરી પાડે છે.

માતાના મઢ પાસેથી નીસરી ખારી નદીનો પ્રવાહ સિરીક્રીક (હરામી નાળા)માં મળી જાય છે. લગભગ ૫૦ કિ.મી.ની યાત્રા કરતી નદીનો જળપૂર્તિ વિસ્તાર ૧૧૩.૫ ચો.કિ. જેવો છે.

જીઓલોજીકલ અભ્યાસ મુજબ કચ્છની ધરા જુરાસિક કાળ અર્થાત બે કરોડ વર્ષ પહેલા ઉદ્‌ભવી હતી. સમય જતાં ગાઢ વન અને ભૂગર્ભીય હલચલના કારણે પરિવર્તન થતા રહ્યાં છે. આ ભૂગર્ભીય હલચલનો અદ્‌ભુત પ્રમાણ છે ખારી નદી. જ્યાં એ ફોટોગ્રાફરો અને સહેલાણીઓને આકર્ષે છે. ત્યાં ભૂગર્ભશાસ્ત્રીઓ માટે જીવંત પ્રયોગશાળા બની રહી છે.

ભૂગર્ભીય હલચલોનો કારણે અ નદીના પથમાં અનેક ભૌગોલિક રચનાઓ જોવા મળે છે. એના ખીણ, કટ્સ, કરાડ અને કોતરો ખડકો શિલાઓની રચના કુદરતનો અદ્‌ભુત નઝારો પ્રસ્તુ કરે છે. વન્સ ઈન લાઈફ ટાઈમ કોલોરાડો ભલે ન જવાય પણ ખારી નદીની આ વિરાટ સૌંદર્ય સમૃદ્ધિ જરૂર માણવી જોઈએ.

ખારી નદીની સહેલ માટે ભુજથી જઈ શકાય. બ્રાન્ડ ફેક્ટરી સુધી રીક્ષા કે શટલ બસ લેવી પછી બે-ત્રણ કિલોમીટર પગપાળા જવાનું રહે. શ્રેષ્ઠ સમય વહેલી સવાર કે સાંજે ત્રણેક વાગ્યા પછી. બેસ્ટ સીઝન ચોમાસા દરમિયાન કે પછી નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી. આમ વિસ્તાર સલામત છે પણ એકલા જવાને બદલે બે જણ સાથે હોય તો સારું.

**- કેસરસિંહ ખોના**

# જીવન ચક્ર

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા

મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૭.૨૦૨૫ | જલગામ | વિરાંશ, કાજલ-દીપ લોડાયા | કોઠારા | પુત્ર |
| ૦૪.૦૮.૨૦૨૫ | જામનગર | નીતિ, વીધી-સંકેત શિયાલ | દલતુંગી | પુત્રી |
| ૦૯.૦૯.૨૦૨૫ | ભૂજોડી | દક્ષ, ભક્તિ-રાહુલ દંડ | લાલા | પુત્ર |
| ૧૬.૦૯.૨૦૨૫ | માંડવી | કિવાન, નેહલ-કુણાલ ડાઘા | ગોએરસમા | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૦.૨૦૨૫ | ડોમ્બીવલી | તરન નવીન રાયશી મૈશેરી (શાહ) | બાંડીયા | ૨૮ |
| | ડોમ્બીવલી | શિવાની રાજેશ ભવાનજી ગોસર | બારોઇ | ૨૮ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૦૯.૨૦૨૫ | ઘાટકોપર | કલ્પ ભરતભાઈ ઝોટા | રાપર | - |
| | અંજાર | હિતાંશી રોહિત નરશી લોડાયા | તેરા | ૨૪ |
| ૦૨.૧૦.૨૦૨૫ | ડોમ્બીવલી | મેહુલ કિરીટ અમ્રતલાલ દોશી | ભાદ્રોડ | ૪૨ |
| | વડાલા | માનસી જયેશ નારણજી સોની | સુથરી | ૨૬ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૯.૨૦૨૫ | ભરૂચ | સુરેશ વીરચંદ ધરમશી | જખૌ | ૭૭ |
| ૨૦.૦૯.૨૦૨૫ | ગાંધીધામ | કાંતિલાલ મુરજી લોડાયા | વારાપધર | ૭૬ |
| ૨૧.૦૯.૨૦૨૫ | વિઠ્ઠલવાડી | ઝવેરચંદ વિશનજી દંડ | સાંધવ | ૮૪ |
| ૨૧.૦૯.૨૦૨૫ | ડોંબિવલી | જયવંતીબેન જયંતિલાલ રૂપશી લોડાયા (ભાભાવાળા) | મોટી ખાવડી | ૭૩ |
| ૨૧.૦૯.૨૦૨૫ | મલકાપુર | ઉર્મિલાબાઈ ઉત્તમચંદ મુનવર | કોઠારા | ૮૧ |
| ૨૨.૦૯.૨૦૨૫ | ડોંબિવલી | લહેરચંદ પદમશી દંડ | લાલા | ૬૫ |
| ૨૫.૦૯.૨૦૨૫ | મુલુંડ | પંકજ જવેરચંદ ખીમજી ધરમશી | કોઠારા/સુથરી | ૫૫ |
| ૨૫.૦૯.૨૦૨૫ | પૂના | જયાવતી હેમરાજ મહેશ્વરી | જખૌ | ૮૭ |
| ૨૬.૦૯.૨૦૨૫ | મુલુંડ | કૃણાલ વીરેન્દ્ર કાનજી ગોશર | બાયઠ | ૪૮ |
| ૨૬.૦૯.૨૦૨૫ | માટુંગા(નાંદેડ) | રાજેન્દ્ર શામજી ધરમશી લાપસિયા | દલતુંગી | ૭૨ |
| ૨૮.૦૯.૨૦૨૫ | મુલુંડ | જમકુબેન શીવજી મૈશેરી | કુઆપધર | ૯૩ |
| ૨૮.૦૯.૨૦૨૫ | થાણા | નવીનભાઈ માણેકજી કેશવજી લોડાયા | સાંધવ | ૭૬ |
| ૩૦.૦૯.૨૦૨૫ | મસ્જીદબંદર | ચંદનબેન લલિત પટેલ (મોતા) | તેરા | ૮૩ |
| ૦૩.૧૦.૨૦૨૫ | મુલુંડ | જયશ્રીબેન કિશોર મોતા | લાલા | ૬૫ |


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

# શ્રાવક એટલે?



- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

**વિશેષ નોંધઃ વાચકોની ફરમાઈશને માન આપીને આ અંકથી દર બીજા અંકમાં આગલા અંકનો ગુજરાતી અનુવાદ પ્રસ્તુત કરવામાં આવશે. શરૂઆત, ગયા અંકના અનુવાદથી કરી રહી છું કે જેથી વાચકોને સમજવામાં સુગમતા પડે.**

જૈન શ્રાવક એક ધાર્મિક ગૃહસ્થ છે જે આજીવિકા કમાઈને પરિવાર સાથે સામાન્ય જીવન જીવે છે, જૈન સિદ્ધાંતોનું પાલન કરે છે, તેમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે, શ્રાવકોના દૈનિક કર્તવ્યોનું પાલન કરે છે, દાન કરે છે અને તીર્થંકરો દ્વારા બતાવેલા મુક્તિના માર્ગને શ્રદ્ધાપૂર્વક અનુસરે છે. બધી ભૌતિક સંપત્તિનો ત્યાગ કરનારા સાધુ/સાધ્વીથી વિપરીત, સાચો શ્રાવક સંયમનું પાલન કરે છે અને કર્મોના સંચયને ઘટાડવાનો પ્રયાસ કરે છે. સાચા શ્રાવકના મુખ્ય ગુણોનું અહીં સુંદર વર્ણન કરવામાં આવ્યું છેઃ

શ્રાવક એટલે – શ્રદ્ધાવાન (સાચી શ્રદ્ધા ધરાવતો), વિવેકવાન (સમજદાર/જ્ઞાની), અને ક્રિયાવાન (સમ્યક આચરણ ધરાવતો). શ્રાવકોને 'ઉપાસક' અથવા 'સાગાર' પણ કહેવામાં આવે છે. શ્રાવક એટલે શ્રવણ કરનાર. જૈન ગૃહસ્થને 'શ્રાવક' એટલા માટે કહેવામાં આવે છે કારણ કે તે તીર્થંકરના અથવા આધ્યાત્મિક ગુરુઓના ઉપદેશોને શ્રદ્ધાપૂર્વક સાંભળે છે.

**શ્રાવકોના પ્રકારોઃ**

નામ શ્રાવકઃ ફક્ત નામમાં જૈન (જૈન પરિવારમાં જન્મેલા).

સ્થાપના શ્રાવકઃ કોઈ શ્રાવકની પ્રતિમા અથવા ચિત્ર.

દ્રવ્ય શ્રાવકઃ જૈન ધર્મ માટે નિર્ધારિત ધાર્મિક વિધિઓનું પાલન કરનાર, પરંતુ આધ્યાત્મિક ભાવના વિનાના.

ભાવ શ્રાવક : જૈન ધર્મમાં દઢ વિશ્વાસ રાખનાર અને તે મુજબ આચરણ કરનાર.

એક સાચા ભાવ શ્રાવકની કથાઃ

ભગવાન મલ્લિનાથના સમયમાં ચંપા નગરીમાં અર્ણક નામનો એક શ્રીમંત વેપારી રહેતો હતો. તે જૈન ધર્મ પ્રત્યેની પોતાની ઊંડી શ્રદ્ધા માટે પ્રખ્યાત હતો.

એકવાર, અર્ણક એક મોટા વ્યાપારી સોદા માટે સમુદ્ર માર્ગે નીકળ્યો. સફર દરમિયાન, એક તોફાન આવ્યું અને અચાનક એક ભયંકર રાક્ષસ પ્રગટ થયો, જેનાથી વહાણ પરના અન્ય વેપારીઓ ડરી ગયા. જ્યારે બધા મૃત્યુથી ડરતા હતા, ત્યારે અર્ણક શાંતિથી કાયોત્સર્ગ (ધ્યાનનું એક સ્વરૂપ)માં ડૂબી ગયો. તેના સાથીઓએ તેને પોતાનો ધર્મ છોડી દેવાની વિનંતી કરવાનું શરૂ કર્યું, કારણ કે તેમને લાગ્યું કે તેની જૈન ધર્મ તરફની આસ્થા અને તેના નિડર ધાર્મિક આચરણથી રાક્ષસ ગુસ્સે થયો છે. અર્ણકના મૌનથી ગુસ્સે થઈને, રાક્ષસે વહાણને હવામાં ઉંચકીને તેને તોડી નાખવાની ધમકી આપી. અર્ણકના સાથીઓએ તેને સહુનો જીવ બચાવવા માટે પોતાનો ધર્મ ન છોડવા બદલ નિર્દય કહ્યો. આમ છતાં, અર્ણક પોતાના ધ્યાન અને શ્રદ્ધામાં અડગ રહ્યો. અર્ણકની અટલ શ્રદ્ધાથી પ્રભાવિત થઈને, રાક્ષસે આખરે કબૂલ્યું કે તે એક દેવ હતો જે અર્ણકની શ્રદ્ધાની કસોટી કરવા આવ્યો હતો. તેણે અર્ણકને પ્રણામ કર્યા, તેને દૈવી કુંડલની જોડી ભેટ આપી, અને પોતાના ધર્મ પ્રત્યેની તેની અટલ ભક્તિની પ્રશંસા કરી.

જો આપણે આજના સંદર્ભમાં કાળજીપૂર્વક વિચારીએ તો આ વાર્તા આપણને ઘણા પ્રેરણાદાયી પાઠ શીખવે છે. એક વેપારી તરીકે, અર્ણક જીવનના બજારમાં ખેડાણ કરતા દરેક વ્યક્તિનું પ્રતીક છે–જ્યાં ઇચ્છાઓ, ફરજો અને દુન્યવી પ્રલોભનોનો વેપાર સતત ચાલતો રહે છે. અર્ણક જે તોફાનોનો સામનો કરે છે તે આત્મજ્ઞાનના માર્ગ પર જે

મુશ્કેલીઓ અને કસોટીઓનો સામનો કરવો પડતો હોય છે તેનું પ્રતીક છે. અર્ણક જે મોટા વ્યવસાયિક સોદાની યોજના બનાવે છે તે મુક્તિનું પ્રતીક છે–જીવનનું અંતિમ લક્ષ્ય. તેની હોડી ધર્મનું પ્રતીક છે, જેના દ્વારા શ્રાવક વિશ્વમાં આગળ વધે છે. આ તેને પ્રલોભનો અને દુઃખના તોફાનોનો સામનો કરીને, સંસારના સમુદ્રને પાર કરવામાં મદદ કરે છે. તેના સાથીઓ જીવનમાં તે જે લોકોનો સામનો કરે છે તેનું પ્રતીક છે – પરિવાર, મિત્રો, અન્ય શ્રાવકો, અથવા સમાન મૂલ્યો અથવા જવાબદારીઓ ધરાવતા લોકો. રાક્ષસ લોભ, ક્રોધ, અહંકાર અને આસક્તિ જેવા આંતરિક પાપોનું પ્રતીક છે. રાક્ષસના રૂપમાં આવેલ દેવતા દ્વારા આપવામાં આવેલા દિવ્ય કુંડલની જોડી અણધાર્યા આધ્યાત્મિક આશીર્વાદોનું પ્રતીક છે જે પરીક્ષણોના રૂપમાં આવી શકે છે. દેવતા રાક્ષસના રૂપમાં હતા તે હકીકત સૂચવે છે કે દુઃખ અથવા પડકારો છુપાયલી સોગાતો – સમજણ અથવા સહનશક્તિ – પ્રદાન કરી શકે છે, જે શ્રાવકની આધ્યાત્મિક યાત્રાને મજબૂત બનાવે છે. દિવ્ય કુંડલ આપણને યાદ અપાવે છે કે સાચું સુખ ભૌતિક સંપત્તિમાં નથી, પરંતુ આધ્યાત્મિક જાગૃતિમાં રહેલું છે. આમ, આ વાર્તા આપણને મહાન શ્રાવક અર્ણકની જેમ અટલ શ્રદ્ધા, ધીરજ અને શાંતિ વિકસાવવા પ્રેરણા આપે છે.

શ્રાવક ધર્મ જૈન અનુયાયીઓને શ્રદ્ધાળુ, શિસ્તબદ્ધ અને આધ્યાત્મિક જીવન જીવવા માટે વિગતવાર માર્ગદર્શિકા પ્રદાન કરે છે. આગામી લેખમાં આપણે શ્રાવક ધર્મના વિવિધ પાસાઓની વિગતવાર ચર્ચા કરીશું.


**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.


## નવા/બદલાયેલા સરનામા/ફોન

**(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**Shri Hitesh Somchand Dand (PS-3345)**
Flat 77, Moore HouseSheepcote Road,
Harrow, Middlesex,
United Kingdom - HA12SN
M.: Hitesh: +44 7341714424

**Shri Jayesh Damji Nagda (PS-3095)**
402, Vrundavan Sudama CHS,
Tukaram Nagar, Opp Bharat Gas,
Dombivali (East), MH - 421 201.
M.: 70213 62977.

**Shri Ratilal Nagshi Nagda (PS-3003)**
409, Silver Nest CHS, Patilwadi,
Manpada Road, Opp Vijaya Bank Lane,
Near Icon Hospital,
Dombivali (East), MH 421 201.
M.: 81697 58115.

**Shri Hemant Hansraj Boricha (PS-7258)**
1501, Morphosis Adagio,
Dindayal Upadhyay Marg,
Near Gala Industrial Estate,
Mulund (West), MH - 400 080.
M. : 98873 38993.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

Life Power

## The Beauty of Arranged Marriage: A Journey of Love and Commitment

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



In a world where love marriages are increasingly common, arranged marriages continue to be a cherished tradition in many cultures. While some may view it as a union between two families rather than just two individuals, others see it as a beautiful way to build a life together, rooted in shared values and commitment.

Understanding Arranged Marriage.

Arranged marriage is a centuries-old tradition where families choose a partner for their child based on various factors, including compatibility, family background, horoscope matching and social status. While it may seem unconventional to some, many couples in arranged marriages have found love and happiness together.

The Power of Commitment

As Swati Kumar, author of "THE GREAT INDIAN DILEMMA," aptly puts it, "Marriage is a marriage - love or arranged. Both require the same level of commitment." This sentiment is echoed by many couples in arranged marriages, who believe that commitment and hard work are essential to making the relationship successful.

Love in Arranged Marriages

While some may assume that love is absent in arranged marriages, many couples have found that love grows over time. As the saying goes, "Love is not something you look for. Love is something you become." With time, patience, and effort, couples in arranged marriages can develop a deep and abiding love for each other.

Benefits of Arranged Marriage.

Some benefits of arranged marriage include

- Shared values: Couples in arranged marriages often share similar values and backgrounds, which can create a strong foundation for their relationship.

- Family support: Arranged marriages often involve the support of family members, which can be a source of strength and guidance for the couple.

- Commitment: Arranged marriages emphasize the importance of commitment and working through challenges together.

- "I prefer to think of marriage as an equality of give and take" - Mary Balogh

Arranged marriage is a complex and multifaceted institution that has been a part of many cultures for centuries. While it may not be for everyone, many couples in arranged marriages have found happiness and fulfillment together. By emphasizing commitment, shared values, and family support, arranged marriages can be a beautiful way to build a life together.

Ultimately, whether a marriage is arranged or love-based, the most important thing is that the couple is committed to each other and willing to work through challenges together. As the saying goes, "The greatest marriages are built on teamwork. Mutual respect, a healthy dose of admiration, and a never-ending portion of love and grace".

A successful marriage requires falling in love many times, always with the same person. Marriages are like fingerprints; each one is different and each one is beautiful. Being in a long marriage is a little bit like that nice cup of coffee every morning – I might have it everyday, but I still enjoy it.

# Money matters – avoid wastage

**CA Jatin Jechand Lodaya, Naliya (Chembur)**
Cofounding Partner of FinaLiteY LLP - Mumbai
jatinlodaya@gmail.com | 9820791226



Save first, Needs next, Waste never is a typical mantra in our financial literacy workshop. What do I mean by Waste never?

Money is finite and as you move from one life stage to another, the active sources of income eventually get substituted by passive sources of income and the quantum will depend on how much you have invested (and stayed invested) till date. Inflation will spike your spending thereby reducing the quantum of money. Early starters to a wisely made investment journey will surely benefit from the power of compounding and patience. With adequate financial planning, goal-setting, budgeting, and expense-tracking you will be able to sustain your lifestyle in later years too without much compromise.

While you earn, save, and spend, it is equally important you stay aware of (and plug) avenues of money leaks. Some you are able to manage and rest you may not be able to for various reasons – awareness, complacency, convenience etc. I am sharing certain instances:

1. Opting for unaffordable choices (including BNPL arrangements) by aping others i.e., aiming to live beyond means; e.g., fine dining, branded cafes, movies/plays/shows in premium theatres, impulsive purchases (blurriness between needs & desires) (pause and re-think), branded clothes & accessories, premium vehicles, larger than required houses, home décor, lavish spending on weddings (pre-wedding shoots, décor, food, one-time outfits), smart devices, very high school fees, weekend getaways, exotic vacations – leading to reduced amount of life-sustenance funds.

Some of these spends are relative and by no means I am suggesting you to lead a dull life. Spend, if you can afford it, not by borrowing unless for creating assets and not mere memories & experiences. It is your money and your life – you can decide what works for you. But remember – you have a long way to go and I also know that yeh zindagi nahi milegi dubara!

2. Ordering food at a premium cost under the disguise of laziness, impulsiveness, convenience.

3. Opting for vices - smoking, chewing tobacco, eating gutka, consuming alcohol, gambling, lottery

4. Not paying credit card / utility bills on time leading to penal interest, late payment fees (opt for direct debit)

5. Not paying quarterly advance tax leading to delayed payment penal interest

6. Investing in products that give negative real rate of return (except for wealth diversification)

7. Investing in products without gaining proper understanding

8. Investing in properties, especially in a saturated/illiquid market or not using it

9. Mixing insurance and investments; e.g., paying huge premium for an ULIP

10. Opting for excessive insurance or opting out of health insurance – you will end up paying

11. Opting for subscriptions but unable to make effective usage – club membership, time sharing holiday plans, internet broadband or mobile phone plan, multiple OTT channels

12. Allowing credit card reward points to expire.

Not getting money's worth is also wasting money. Exceptions and experiences can be pardoned, only if you have enough money; and surely not by compromising your parent's retirement fund!

***

Student Corner

# Parents also face peer pressure-II

**Dr. Aparna Ritesh Nagda-Naliya (Dombivali)**
Mob.: 98339 74009, E-mail : aparnanagda04@gmail.com
Consulting Homoeopath, Child Counselor and Author of The Labyrinth of Silence



**'When should I be strict? When can I be liberal? What are the things I can turn a blind eye to? Where should I hold the reins firmly?'**

On my parenting journey, I have often grappled with these very questions. As a parenting coach, I see parents standing at a crossroads, trying to strike a balance between discipline and freedom. Parents of teenagers encounter this dilemma more frequently than those with younger children. Ideally, if these questions arise early on, it becomes easier to tackle them. Habits formed in childhood go a long way in shaping a child's future. Sudden strictness, imposed simply because a child is now growing into adulthood, rarely works—more often, it sparks rebellion. Similarly, sudden leniency can lead to lapses and accidents. As in every aspect of life, the fulcrum of balance must be found.

**What is acceptable in the community your child is growing up in?**

It is essential to understand the rules and expectations of the society in which your child is being raised. After all, if your child doesn't align in some way with the norms of their ecosystem, life can become difficult for them. So, before deciding where to indulge your child, first take stock of the surroundings they are growing up in.

**What suits your value system?**

Most adults look up to their own parents when it comes to raising children. Consciously or unconsciously, we tend to inculcate values the way our parents did. Therefore, while deciding the areas where you can be lenient or strict, your own value system must take precedence. For instance, one parent may find punctuality non-negotiable, while another may prioritize academics. Decide what matters most to you first, and then consider where society is headed.

**Defining absolute areas where strictness is a must**

Through discussions with parents, I have found common agreement on certain areas where strictness cannot be compromised:

- Discipline
- Respect towards elders
- Studying regularly and maintaining at least average grades
- Honesty

**Sketching out areas where indulgence is acceptable**

Similarly, parents also shared conditions under which they are willing to relax rules:

- Occasionally spending extra time in the digital world
- Attending parties with parents' permission
- Asking for material gifts (without bargaining for them through good behavior)
- Receiving pocket money even during school years

**Flexibility is the key**

No matter what we do as parents, flexibility remains crucial. While rules and boundaries are important, they sometimes need to be relaxed. Situations where you may allow a break from discipline include:

- Your child has had a particularly tough day at school or college
- They are going through hormonal changes
- Special occasions such as birthdays
- When they are unwell
- After they've worked especially hard on a given day
- When you yourself are having a difficult day

Parenting is about balance. So go ahead—pamper your child and discipline them too, without an ounce of guilt.

**Happy parenting.**

Stay Healthy

# HYPERTENSION (HIGH BLOOD PRESSURE)

**Dr. Jayantilal P. Khona (LECH)-Jakhau (Mulund)**
Mob. : 8779985316



It is commonly seen in large population, all over the world. Seen in one out of 10 around 40 age & two out of 10 in around 60 age. It is silent disease & in 90 to 95% of the cases doctors don't know the real cause.

**In 80 to 90% of the non complaining patients, it is detected when patient presents with 1)** sudden chest pain, difficulty in breathing specially seen after exertion, exercise, walking **2)** Brain stroke-paralysis **3)** heart attack –myocardial infarct **4)** Swelling of face, legs, hands- kidney failure **5)** Difficulty or diminished vision **6)** In medical camps **7)** Insurance health checkup **8)** visiting doctor for other complaints.

These patients are having high blood pressure since long time, many months to years with no complaints.

More seen in male associated with overweight.50% patients having family history of diabetes, blood pressure, obesity & 50% have external influencing factors.

Many patients' kidneys have natural sodium-salt retaining characteristic. Tobacco, cigarettes, bidis, lack of regular exercise more salt, less potassium, high calorie, high cholesterol diet, excessive mental stress all helps to increase blood pressure.

Excessive physical & mental exertion, tension, anger-rage, competition, unfavorable situation helps in the temporary increase in the blood pressure in 20% of the patients.

BP less than 120/80 & 140/90 is acceptable measure. But 140/90, 160/100, 180/110 and above than it is definitely labelled as high blood pressure disease and needs urgent investigation like ECG, 2-D ECHO, IN SOME ANGIOGRAPHY, URINE, S. CREATININE, BLOOD SUGAR HBA1C, SONOGRAPHY KIDNEYS, RETINA EYE CHECK UP & appropriate aggressive treatment is started, even though reports are normal or abnormal.

Each patient is interviewed & probable cause needs sincere modification for long term.

**Use of high potassium food items** like almond, grapes, figs, beans, green veg, potatoes, milk, curd, butter milk, banana, broccoli helps in BP control.

**Use of excessive sodium- salt containing food items like** sauces, pickles, pizza, chilies pepper, beet, veg soup, carrot, soft drinks, salted dry fruits, namkins, farsan, bread, bakery items, sand witch, cabbage, caulis flower, radish, processed food packages, mango, pineapple, guava must be minimized or stopped as per the advice of your doctor.

It is very easy for any doctor to prescribe blood pressure controlling medicines, but it is most challenging & difficult to follow the life style modification & factors helping to maintain the high BP.

30 minutes regular daily exercise like walking, swimming, cycling, yoga, meditation, more potassium & less sodium containing food items, fried, ghee, oily items helps to control BP in better way with or without BP medicines.

Under the guidance of doctor regular intake of medicines, periodic measuring, long terms do's & don't advice helps to control BP in a better way.

**It is generally believed that mental tension causes blood pressure disease. Instead it helps to increase the already increased bp or does not reduces if is on medication.**

***

# સમાચાર

## કેડીઓ ક્લાસીકની એ.જી.એમ.





કેડીઓ ક્લાસીકની વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) તા. ૨૧.૯.૨૫ના યોજાઈ હતી જેમાં ૭૦ જેટલા સભ્યો હાજર હતા. પ્રમુખ શ્રીમતી તેજલબેન રાજેશ શાહે સૌને આવકાર આપ્યો. મંત્રીશ્રી સંજય નાગડા અને સહમંત્રી ભાવનાબેન જયેશ ખોનાએ હિસાબકિતાબ સહિતની સર્વ કાર્યવાહી પૂરી કરી હતી. ટ્રસ્ટીશ્રી રાજેશ પ્રેમજી શાહ અને એડ. મીનલબેન ખોનાએ કેડીઓ ક્લાસીક ફાઉન્ડેશનની મેડીકલ પ્રવૃત્તિની માહિતી આપી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં આંખ, દાંત તથા પેથોલોજી માટે રૂા. ૨૫ લાખથી વધુની સહાય કચ્છ, ડોંબિવલી તથા મુંબઈના કેડીઓ જ્ઞાતિજનોને આપવામાં આવી હતી. સભાની સમાપ્તી પછી સુભાષ ઠાકર તથા મહેશ દુબેએ કવિતાઓ દ્વારા મનોરંજન કર્યું હતું.

## સિદ્ધાર્થ શાહ અને નિશીત શાહ-હૈદ્રાબાદ



વિજયવાડા ખાતે વરૂણ મોટર્સ ગ્રુપના ૭૫મા વર્ષના કાર્યક્રમમાં ચેરમેન વી. પ્રભુકિશોરને સન્માનિત કરતા સિદ્ધાર્થ શાહ તથા નિશીત શાહ (હૈદ્રાબાદ). કેન્દ્રીય મંત્રી કે. રામમોહન નાયડુ તથા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુના ધર્મપત્ની એન. ભુવનેશ્વરીદેવી સાથે સિદ્ધાર્થ શાહ તથા નિશીત શાહ.

## Shri Jayant Lapasiya as Keynote Speaker at ICCON 2025 – A Precursor to GLOBOIL



Shri Jayant Lapasiya had the distinct honor of participating as a Keynote Speaker at the prestigious India Cargo Convention (ICCON) held on 22nd September 2025 at The Westin, Powai, Mumbai. ICCON, a focused industry platform, served as a high-level precursor to the globally acclaimed GLOBOIL Conference, which annually attracts over 2000 international delegates from the agri-commodities and supply chain sectors.

## શ્રી કેતન મધુકાન્ત લોડાયા નોટરી નિમાયા



ગાંધીધામના યુવા એડવોકેટ શ્રી કેતન મધુકાન્ત લોડાયા-(કોઠારા)ની ગુજરાત સરકાર ધ્વરા નોટરી પબ્લિક (NOTARY PUBLIC) તરીકે નિમણુંક થવા બદલ પ્ર. સ. ના હાર્દિક અભિનંદન....

તેઓ કચ્છ એકમ, ગાંધીધામ મહાજન, અચલગચ્છ જૈન સંઘ, સમસ્ત મહાજનની મહાસમિતિમાં વિવિધ હોદ્દા ઉપર રહી સેવાકીય પ્રવૃતિ કરી રહ્યાં છે તેમજ જૈન સોશ્યિલ ગ્રુપ અને તેની સૌરાષ્ટ્ર રીજીયનની ટીમમાં પણ સામેલ છે. જેઓ પ્રકાશ સમીક્ષાના ટ્રસ્ટી તરીકે ફરજ બજાવી રહ્યા છે.

## શ્રી ભગવતી મહાકાલી મંડળ-હુબલી



શ્રી ભગવતી મહાકાલી મંડળ-હુબલી, ધ્વારા પરંપરાગત રીતે ૨૯ મો નવરાત્રિ મહોત્સવ તા. ૨૨મી સપ્ટેમ્બરથી તા. ૨ ઓક્ટોબર સુધી, શ્રી શાંતિલાલ રામજી લાલકાના નિવાસસ્થાને ઉજવાયો. દરરોજ

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

ભાવિક ભક્તજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રાત્રે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન ભાવપૂર્વક ભક્તિગીતોની રમઝટ બોલાવી હતી. ભક્તિભાવનાની મધ્યમાં સરપ્રાઈઝ ઇનામો દરરોજના ૧૦ ઇનામો, 'જરા ભેજું કસી જુઓ' પ્રશ્નોના વિજેતાઓને આપવામાં આવેલ. ભાવના બાદ કેડીઓ રેસીડેન્સી પરિવારના સૌ સભ્યોએ રાસગરબાનો ભરપુર આનંદ માણ્યો હતો.

આઠમના રોજ ગુજરાતી પ્રશ્નપત્ર લખવાની હરીફાઇ ગોઠવવામાં આવી હતી. જેમાં આંઠ ભાઈબહેનોએ ભાગ લિધેલ. તેમજ તે દિવસે હાજર રહેલા સૌ સભ્યો વચ્ચે બે બમ્પર અને બે સમાધાન ઇનામો રાખવામાં આવેલ. પ્રથમ વિજેતા - ચિ. રિધમ સંદીપ શાહ, બેંગલોર, દ્વિતીય વિજેતા સૌ. ચૈતાલી સંદિપ લોડાયા. પ્રશ્નપત્રના ૮ વિજેતા ભાઈબહેનોને તેમજ બમ્પર ઇનામોના વિજેતાઓને ઇનામો આપવામાં આવેલા.

## શ્રી રચના મહિલા મંડળ





મંડળના ૩૬મા વર્ષનો પ્રથમ પ્રોગ્રામ 'મસ્તી કા પીટારા' ગેમ શો ધમાકેદાર રહ્યો. પ્રમુખ સાહિબાએ સહુનું સ્વાગત કર્યું, નવકાર મંત્ર ,સામુહિક ક્ષમાપના, તપસ્વીઓનું બહુમાન કરીને વાર્ષિક અહેવાલ રજૂ કર્યો અને પછી ગેમ રમાડવાની શરૂઆત કરી. હાઉઝીની સાથે સાથે પટારો ભરીને ઇનામો લાવેલા જે મેમ્બરોએ પોતાની સુઝ-બુઝથી જીતી લીધા. કુલ ૬૦ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર









શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ) ખાતે સોમવાર તા. ૧૫.૯.૨૫ શ્રી સ્વાસ્તિક સેવા ગ્રુપ, ડોંબિવલી શ્રી ક.દ.ઓ.ના ૧૪૨ સભ્યો પધારેલ. શ્રી બિપીન પાશ્વીર નાગડા-રંગપુર(મુંબઈ)નું મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા દ્વારા બહુમાન કરવામાં આવેલ. શ્રી સંઘ એ જિનાલય દર્શન, વંદન કર્યા. સંઘનું બહુમાન કરવામાં આવેલ અને શ્રી સ્વસ્તિક સેવા ગ્રુપ દ્વારા પણ રાયપુર મહાજનના પ્રમુખ શ્રીનું બહુમાન કરવામાં આવેલ.

*If not delivered please return to :*

C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**